ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૩ || અંક: ૬ || જૂન ૨૦૨૧ || સળંગ અંક : ૫૯૬

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)



चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाधिकारस्ते ।

**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.co.in

# Madhuben and Bhanubhai Patel Institute of Technology (MBIT)




- Well established institute and best academic results
- Well equipped classrooms and laboratories
- Qualified and experienced faculty members
- Focus on 360 Degree development of students
- Highest placements in Multinational Companies
- Strong alumni network across the globe
- Excellent Industry Institute Interaction

(Read more about this Institute on page no.23)




વિ-વિદ્યાનગર
ચારુતર વિદ્યામંડળ પ્રકાશન
જૂન - ૨૦૨૧
વર્ષઃ ૨૩ અંકઃ ૬
સળંગ અંકઃ ૫૯૬
**ISSN 0976-9609-V Vidyanagar**
ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦
સ્થાપના વર્ષઃ ૧૯૪૫



તંત્રી
ઉર્વીશ છાયા

પરામર્શન
નરેશ વેદ • રાજેન્દ્રસિંહ જાડેજા
ભગીરથ બ્રહ્મભટ્ટ • આર.પી. પટેલ

સંપાદન-સહાય
વિજય સુથાર


कर्मण्येवाधिकारस्ते ।


પ્રકાશક
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ
વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦
•
મુદ્રક
લજ્જા કોમ્યુનિકેશન્સ, વલ્લભ વિદ્યાનગર

અધ્યક્ષ
શ્રી ભીખુભાઈ બી. પટેલ
માનદ્ મંત્રી
ડૉ.એસ.જી. પટેલ
માનદ્ સહમંત્રીઓ
• શ્રી મેહુલ ડી. પટેલ
• શ્રી આર.સી. તલાટી • શ્રી વી. એચ. પટેલ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન,વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ-ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલૉજી, હૉટેલ મૅનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઇ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કૉલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કોલેજ.


• અંકની છૂટક કિંમતઃ ₹ ૧૫/- • રવાનગી ખર્ચ ₹ ૧૦/- • વાર્ષિક લવાજમઃ ₹ ૧૫૦/-
• વિદ્યાર્થી લવાજમઃ ₹૧૦૦/- • આજીવન લવાજમઃ ₹૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી. એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર
'વિ-વિદ્યાનગર' **www.vvidyanagar.co.in** પર મુકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**कुसुम्भरागारुणितेर्दुकूलेनितम्बबिम्बानि विलासिनोनाम् ।**
**तन्वंशुके: कुडकुमरागगोरेरलङ्क्रियन्ते स्तनमण्डलानि।। ५।।**

સંદર્ભ : કાલિદાસ ગ્રન્થાવલી

विलासवती रमणियों के नितम्बों को कुसुम रंग से रंगे हुए कपड़ों से तथा कुचमण्डलों को कुङ्कुम के रंग से, रेशमी वस्त्रों मे आजकल सजाया जाता है ।।५।।

श्लोक–५, षष्ठः सर्ग (वसन्तवर्णनम्)


|| અતીતની અટારીએથી || ગ્રામોદ્યોગ
**» ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા) ....................... ૩**

|| પ્રાથમ્ય || અમૂલ્ય ભેટ
**» એસ.જી.પટેલ ....................... ૮**

|| આપણો વૈભવ અને વારસો || (પદ્ય વિભાગ)
**» દયારામ, કવિ દલપતરામ, છોટમ ....................... ૧૧**

|| નવાં કાવ્યો ||
**» દક્ષેશ ઠાકર, આર. પી. પટેલ, કિરીટ ગોસ્વામી, ધરતી પટેલ ....................... ૧૩**

|| વિશેષ ||
**» P. V. Satya Ramesh, महेश ख्रिस्ती ....................... ૧૪**

|| આપણો વૈભવ અને વારસો || (ગદ્ય વિભાગ)
છે તેટલું તો વાપરો!
**» રવિશંકર (મહારાજ) વ્યાસ ....................... ૧૫**

|| સંસ્મરણ || ઉમ્મીદ પે દુનિયા કાયમ હૈ, હોસલોં સે કાયનાત બુલંદ હૈ
**» ઘનશ્યામ નાયક ....................... ૧૬**

|| લઘુકથા-૧ || પુત્રી
**» ગિરિમા ઘારેખાન ....................... ૧૮**

|| લઘુકથા-૨ || ઓક્સિજનનું બિલ
**» રાજેન્દ્ર ઠાકર ....................... ૧૮**

|| અભ્યાસ || ભુજની વ્રજભાષાની સંસ્કૃત પાઠશાળાના ઇતિહાસ માટે સંશોધન કરવાની જરૂર છે
**» મિહિર એમ. વોરા ....................... ૧૯**

|| માનવતાની મહેક || મણકો-૬
**» શીલા વ્યાસ ....................... ૨૧**

|| સંસ્થા પરિચય || Madhuben and Bhanubhai Patel Institute of Technology (MBIT), New Vallabh Vidyanagar
**» Dr. Archana Nanoty ....................... ૨૩**

|| વ્યક્તિત્વ || ગુજરાતી રંગમંચ તથા નાટકોના જનકઃ શ્રી રણછોડભાઈ ઉદયરામ દવે
**» શ્યામ ખંભોળજા ....................... ૨૬**

|| વાર્તા || જીવનદાન
**» મનહર રવૈયા ....................... ૨૮**

|| આયુર્વેદ || તમક શ્વાસ (અસ્થમા) : હાલના સંદર્ભે એક વિશ્લેષણ
**» સાગર ભીંડે ....................... ૩૧**

|| રમત જગત || Role-Effectiveness of Physical Education for Quality of Life
**» P. D. Sharma ....................... ૩૩**

|| વિદ્યાવૃત્ત ||
**» ૧૨, ૨૨, ૨૭, ૩૫**



ISSN 0976 – 9609

## ગ્રામોદ્યોગ

ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)

અંગ્રેજો આવતા પહેલાં ગામડાં આબાદ હતાં, દેશ આબાદ હતો, એન્જિનિયર તરીકે મને પહેલું શિક્ષણ મળેલું કે સાંકળની ખરી તાકાત એની નબળામાં નબળી કડીની તાકાત જેટલી છે. એટલે વલ્લભ વિદ્યાનગરની યોજનાને મેં તે દ્વારા પાયો નાખ્યો હતો. હકીકતમાં મારી આ યોજના સંબંધે ૧૯૪૩માં મારે મહાત્માજી સાથે લંબાણથી ચર્ચાઓ થયેલી. ગામડામાં જ્યાં સુધી ઉદ્યોગો ન લવાય અને ખેતી ઉપરાંત દરેક ગ્રામવાસીને બીજી રોજગારી ન મળી રહે તેમજ જ્યાં સુધી ગામડામાં વૉટર વર્ક્સ, ડ્રેનેજ તેમજ શિક્ષણની આધુનિક સગવડો ન મળે ત્યાં સુધી ગ્રામ વિસ્તારનો ઉદ્ધાર થવાનો નથી એવી મારી હંમેશની માન્યતા રહેલી છે. નાના પાયાની મશીનરી ગામડામાં નાખી, ગામડામાં ઉદ્યોગ ખીલવવા જોઈએ એવું હું માનતો આવ્યો છું અને મેં યથાશક્તિ તેને અમલમાં મૂકવાનો પણ પ્રયાસ કર્યો છે.

ચારુતર વિદ્યામંડળની સાથે સાથે વલ્લભ વિદ્યાનગરમાં ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળની સ્થાપના કરી, તેની પાછળ આ જ ભાવના રહેલી હતી. એક જૂના લેથ મશીનથી ગ્રામોદ્ધાર મંડળે પોતાની વર્કશોપ ઊભી કરી. ચારુતર વિદ્યામંડળની કૉલેજોના તેમજ હૉસ્ટેલોનાં મકાનો ઊભાં કરવાનાં હતાં તેથી ગ્રામોદ્ધાર મંડળે ઈંટો તથા ચૂનાના ભઠ્ઠા ઊભા કર્યા. વલ્લભ વિદ્યાનગરની પાણી પુરવઠા યોજના માટે તેમજ આસપાસનાં ગામડામાં ખેતી માટે જોઈતી સિમેન્ટ પાઈપો બનાવવાનું આદર્યું. પાણી પુરવઠા અને ગટરો માટેની યોજનાઓ તૈયાર કરવા માંડી. આ જ ગ્રામોદ્ધાર મંડળે કરમસદ, વીરસદ, વણસોલ, સિદ્ધપુર, રણોલી, ચિખોદરા, વાંકાનેર, ભાનેર, ડભાણ, વરણામા, અકોટા, ભરોડા, પોરડા, આણંદ, વડોદરા, મોગરી, અલીન્દ્રા, ગાના, અડાસ, માતર, સીંગાલી, પારડી, વડતાલ અને સલુણ જેવાં ગામોની આ પ્રકારની યોજનાઓ તૈયાર કરી આપી. તદુપરાંત મકાનો માટેના પ્લાન તૈયાર કરી આપી તેના બાંધકામનું નિરીક્ષણ કાર્ય પણ ગ્રામોદ્ધાર મંડળે ઉપાડી લીધું. આવાં મકાનોમાં દવાખાના, નિશાળો તથા અન્ય મોટા સાર્વજનિક મકાનોનો સમાવેશ થાય છે. ધીમે ધીમે જરૂરિયાતલક્ષી પ્રવૃત્તિ હાથ ધરતા જઈને ગ્રામોદ્ધાર મંડળ ટૂંક સમયમાં જ ઉદ્યોગની દિશામાં નજર નાખતું થઈ ગયું. વીજળીથી ચાલતા જગદીશ ચરખાનું સંશોધન અમે કર્યું અને તેનો સફળ ઉપયોગ પણ કર્યો.

મુંબઈ રાજ્યમાં વીજળીકરણના કામ માટે થાંભલાની માગ જોતાં ગ્રામોદ્ધાર મંડળે પ્રિસ્ટ્રેસ્ડ સિમેન્ટ કોંક્રિટના થાંભલા બનાવવાનું નક્કી કર્યું. તેની એક ફેક્ટરી ૧૯૫૬ની સાલમાં નાખી. આ એક ક્રાંતિકારી પગલું હતું. સદ્ભાગ્યે આ કામમાં અમને તે વખતના

ISSN 0976 – 9609

મુંબઈ રાજ્ય વિદ્યુત મંડળના અધ્યક્ષશ્રી હાસમ પ્રેમજી તરફથી સારું એવું ઉત્તેજન મળ્યું. અમે પણ સસ્તા ભાવે પૂરતી સંખ્યામાં થાંભલા પૂરા પાડી તેમને સંતોષ આપ્યો. જ્યારે બૃહદ્ મુંબઈ રાજ્યની સ્થાપના થઈ ત્યારે તે વિશાળ મુંબઈ રાજ્યના વિદ્યુત મંડળે એક વખત પોતાની પ્રિસ્ટ્રેસ્ડની ફેક્ટરીઓ નાખવાનો વિચાર પણ કરેલો અને તે કામમાં તેમને માર્ગદર્શન આપવા સુધીની પણ તૈયારી અમે બતાવેલી. પરંતુ જેટલા સસ્તા ભાવે અમે થાંભલાનું ઉત્પાદન કરી તેમને તે પૂરા પાડતા હતા એટલા સસ્તા ભાવે એક અર્ધસરકારી સંસ્થા તે નિર્માણ કરી શકે એમ ન હતી.

અલગ ગુજરાત રાજ્યની સ્થાપના થયા બાદ ગુજરાત વિદ્યુત મંડળના અધ્યક્ષ તરીકે શ્રી એચ. એમ. પટેલની નિમણૂક થઈ. વિદ્યુત મંડળને સૌરાષ્ટ્ર વિભાગમાં વીજળીના થાંભલાની જરૂર હતી; કારણ કે તે વિભાગમાં વીજળીકરણનો વિકાસ સાધવાનો હતો. લોખંડના થાંભલાઓની અછત હોવાને લીધે પ્રિસ્ટ્રેસ્ડના થાંભલા ત્યાં એમને મળે તો વિદ્યુતીકરણનો ખર્ચ ઓછો આવે એમ હતું. પરંતુ વલ્લભ વિદ્યાનગરની અમારી પ્રિસ્ટ્રેસ્ડ ફેક્ટરીમાંથી સૌરાષ્ટ્ર વિભાગમાં થાંભલાઓ લઈ જવાનો ખર્ચ ઘણો વધારે આવે એમ હતો. તેથી વિદ્યુત મંડળે સૌરાષ્ટ્ર વિભાગમાં એક નવી ફેક્ટરી નાખવાનું વિચાર્યું. વિદ્યુત મંડળે આ કામ માટે અમારો સહકાર માગ્યો અને તે અમે ઘણી ખુશીથી આપવાનું સ્વીકાર્યું. પરંતુ અમારી શરત એ હતી કે નવી ફેક્ટરી નાખવા માટે વિદ્યુત મંડળ અમને રૂપિયા પાંચ લાખની લોન આપે, જે વ્યાજ સાથે થાંભલાઓના બિલમાંથી ક્રમે ક્રમે વસૂલ કરવામાં આવે; ત્યાર પછી તો ગોંડલમાં ફેક્ટરી નાખવાનું કામ ઝડપથી ચાલ્યું અને સૌરાષ્ટ્રમાં પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટના થાંભલા પહેલી વાર વીજળીકરણ માટે ઉપયોગમાં આવ્યા. ગ્રામોદ્ધાર મંડળની પ્રિસ્ટ્રેસ્ડ ફેક્ટરીની પ્રવૃત્તિ ધીમે ધીમે વિકસતી ગઈ અને આજે વલ્લભ વિદ્યાનગર અને ગોંડલ ઉપરાંત કલોલ, શાપુર અને સિદ્ધપુરમાં પણ ગ્રામોદ્ધાર મંડળની પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટની ફેક્ટરીઓ છે. અત્યાર સુધીમાં અંદાજે અઢી લાખ ઉપરાંત વીજળીના થાંભલા ગ્રામોદ્ધાર મંડળે વિદ્યુતીકરણ માટે પૂરા પાડ્યા છે અને એ રીતે ગુજરાતના ગ્રામ્ય વિદ્યુતીકરણમાં અજોડ ફાળો આપ્યો છે.

ગ્રામોદ્ધાર મંડળે ૧૯૫૬માં રબર ફેક્ટરીની સ્થાપના કરી, પહેલાં તો આની શરૂઆત પ્રયોગાત્મક રીતે કરવામાં આવી હતી. ઘરવપરાશ માટેના વીજળિક તાર બનાવી ધીમે ધીમે મદ્રાસ તથા મુંબઈ રાજ્યના વિદ્યુત મંડળોને સારા પ્રમાણમાં વીજળી તારો પૂરા પાડવામાં આવ્યા. છેલ્લાં ત્રણેક વર્ષથી રબર ફેક્ટરી મશીનોમાં વપરાતા રબરના એવા દાગીનાઓ બનાવે છે કે જેમાં મોટા પ્રમાણમાં વિદેશી હૂંડિયામણનો વ્યય થતો હતો. હાલમાં વાહન વ્યવહાર, ડેરીઓ તેમજ અન્ય ઔદ્યોગિક કારખાનાંઓના દાગીનાઓની માગ સારા પ્રમાણમાં રબર ફેક્ટરી પૂરી પાડે છે.


ISSN 0976 – 9609

બીજી બાજુ સિમેન્ટ પાઈપ બનાવવાની પ્રવૃત્તિ પણ આગળ ચાલી રહી છે. હકીકતમાં, વિદ્યાનગરની સિમેન્ટ પાઈપ બનાવવાની પ્રવૃત્તિએ ફક્ત ખેડા જિલ્લામાં જ નહિ પરંતુ ગુજરાતમાં સંખ્યાબંધ ઠેકાણે નાના પાયા ઉપર સિમેન્ટ પાઈપનાં કારખાનાં ઊભાં કરવા માટે પ્રેરણા આપી છે અને અમુક કિસ્સાઓમાં તો મશીનરી પણ પૂરી પાડી છે. વીજળીના થાંભલા ઉપરાંત પ્રિસ્ટ્રેસ્ડ કોંક્રિટની અન્ય ચીજો જેવી કે બીમ્સ, પરલીનો, સ્લેબ, ફેન્સિંગના થાંભલા, ગમાણ, વગેરે ચીજો બનાવીને ખાનગી રાહે જરૂરિયાતવાળાઓને પૂરી પાડવામાં આવે છે. કલોલમાં ટાઈલ્સ બનાવવાનું કામ પણ ચાલે છે અને તેનો સારો એવો વિકાસ થયેલો છે. વલ્લભ વિદ્યાનગરની અને કલોલની ફેક્ટરી નજીક ગ્રામોદ્ધાર મંડળે પેટ્રોલ પંપ પણ નાખ્યા છે જેમાંથી સંસ્થાનાં વાહનોને ચોખ્ખું ઈંધણ મળે છે એટલું જ નહિ પરંતુ પેટ્રોલ અને ડીઝલના વેચાણમાંથી ઠીક ઠીક નફો પણ થાય છે.

ગ્રામોદ્ધાર મંડળનું વર્કશોપ પણ પ્રગતિ સાધી રહ્યું છે. મુખ્યત્ત્વે ચરોતર ગ્રામોદ્ધાર મંડળ અને ચારુતર વિદ્યામંડળનાં મકાનોમાંની લોખંડની ચીજવસ્તુની જરૂરિયાત તેમજ સમારકામનું કામ એ કરે છે. થાંભલા બનાવવા માટે જોઈતી મશીનરી, પાઈપ બનાવવા માટેની મશીનરી વગેરે પણ આ વર્કશોપમાં તૈયાર થાય છે.

ગ્રામોદ્ધાર મંડળ વિદ્યાનગરમાં એક છાપખાનું પણ ચલાવે છે, જેમાં શાળા અને કૉલેજોને લગતાં પુસ્તકો, ડાયરીઓ, કેલેન્ડરો, લેજરો, જર્નલો વગેરે અનેક પ્રકારનું છાપકામ અને બાઈન્ડિંગનું કામ થાય છે. એક સારા પ્રેસ તરીકે આ છાપખાનાએ નામના મેળવી છે.

ગ્રામોદ્ધાર મંડળ વલ્લભ વિદ્યાનગરની વસાહત માટે એક મોટું વૉટર વર્ક્સ પણ ચલાવે છે અને એ રીતે સમાજની ઉપયોગી સેવા કરે છે. આ વૉટર વર્ક્સ ચલાવવામાં મંડળને ખોટ ભોગવવી પડે છે પણ વિદ્યાનગરના રહેવાસીઓની સેવા થાય છે અને શિક્ષણના કામમાં સહાય થાય છે એમ માનીને આ ખોટ તેઓ ભોગવી લે છે. આ રીતે ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળનો ઉત્તરોત્તર વિકાસ થયો છે અને આજે તો તેનો વિસ્તાર અને પ્રવૃત્તિ બહુ વધ્યાં છે. આ મંડળના વિકાસની સાથે સાથે ચરોતર પ્રદેશમાં પણ ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને બળ મળ્યું છે અને એ રીતે મારો મૂળ હેતુ બર આવ્યો છે એથી મને સંતોષ છે.

ગ્રામોદ્ધાર મંડળનું બંધારણ એક સહકારી મંડળીનું છે. લોકશાહી ઢબે શૅર હોલ્ડરોમાંથી વ્યવસ્થાપક સમિતિની ચૂંટણી થાય છે અને એ જ રીતે હોદ્દેદારો ચૂંટાય છે. ગ્રામોદ્યોગના વિશાળ ખ્યાલને લક્ષમાં રાખી તેનું બંધારણ ઘડવામાં આવ્યું હતું અને આજે પણ તે ગુજરાતની સહકારી મંડળીઓમાં અજોડ એવું બંધારણ છે. તેના ઘણા બધા ઉદ્દેશોમાં

ISSN 0976 – 9609

કેળવણીની પ્રવૃત્તિને ઉત્તેજન આપવું, તે માટે મકાનો બાંધી આપવા અને અન્ય સહાય કરવી એ પણ એક ઉદ્દેશ રહેલ છે. આ રીતે હકીકતમાં ચારુતર વિદ્યામંડળની શૈક્ષણિક પ્રવૃત્તિ માટે જે નાણાંની જરૂર પડતી તે આ નફાકારક ઉદ્યોગમાંથી મેળવી પૂરી પાડવાનો અમારો હેતુ હતો. આ જ કારણથી શરૂઆતનાં વર્ષોમાં મેં ત્રણ ટકાથી વધુ ડિવિડન્ડ શૅર હોલ્ડરોને ન આપવું તેવો આગ્રહ સેવ્યો હતો. અને મને એ વાતનો આનંદ છે કે આ બાબતમાં શૅર હોલ્ડરોનો મને પૂરો સાથ મળ્યો છે. તાજેતરમાં ડિવિડન્ડનો દર છ ટકા કર્યો છે પરંતુ અન્ય મંડળીઓમાં તો તે નવ ટકા જેટલો વધારે છે. આજે પણ એવા સંખ્યાબંધ ગ્રામોદ્ધાર મંડળના શૅર હોલ્ડરો છે કે જેઓ પોતાની આવક વલ્લભ વિદ્યાનગરમાં અમે સ્થાપેલા મહાદેવના મંદિર માટે આપી દે છે. આવી ઉદાર સખાવતને લીધે જ વલ્લભ વિદ્યાનગરનું ઓમકારેશ્વર મહાદેવનું એક વિશાળ અને સુંદર મંદિર બન્યું છે, જેમાં શિવલિંગ ઉપરાંત બીજા બધા જ મુખ્ય હિન્દુ દેવી-દેવતાઓની પણ સ્થાપના કરવામાં આવી છે. મને એ વાતનો આનંદ છે કે આ મંદિર અંગે સ્થપાયેલી દેવસ્થાન સમિતિના શ્રી એચ. એમ. પટેલ ચેરમેન છે અને તેમના માર્ગદર્શન હેઠળ દર વર્ષે ધાર્મિક પ્રવચનો, કીર્તનો અથવા કથાઓનો કાર્યક્રમ પણ દેવસ્થાન સમિતિ તરફથી વલ્લભ વિદ્યાનગરમાં યોજાય છે.

શ્રી ભીખાભાઈના અવસાન બાદ ગ્રામોદ્ધાર મંડળના ચેરમેનનો હોદ્દો મેં છોડ્યો અને મારી જગાએ મુંબઈની હ્યુમ પાઈપ કંપનીના જનરલ મૅનેજર શ્રી ત્રિભોવનદાસ પટેલને નિયુક્ત કર્યા. તેમણે સુંદર કામગીરી બજાવી અને મંડળની ઔદ્યોગિક પ્રવૃત્તિઓનો વધુ વિકાસ સાધ્યો. તેમના પછી શ્રી બી. સી. પટેલ આ મંડળનું ચેરમેન પદ સંભાળી રહ્યા છે અને મંત્રી તરીકે શ્રી ચીમનભાઈ દેસાઈ કામ કરી રહ્યા છે. ચારુતર વિદ્યામંડળે ગામડાના કલાકારોને ઉત્તેજન આપવાનું કામ પણ ચાલુ રાખ્યું હતું ને તે રીતે સોજિત્રાના શ્રી કાન્તિભાઈને પ્રતિમા બનાવવા માટે વલ્લભ વિદ્યાનગરમાં મંડળના ખર્ચે બધી જ સગવડો આપવામાં આવી હતી. એમણે સરદારશ્રીની ૧૨ ફૂટ ઊંચી એક પ્રતિમા બનાવી, તે સરદારશ્રીની બનેલી બધી જ પ્રતિમાઓમાં ઘણી વખણાઈ છે. એમને હાથે સરદારશ્રીની અનેક પ્રતિમાઓ થઈ છે. મારો ખાસ આગ્રહ હતો કે સરદારની પ્રતિમા વલ્લભ વિદ્યાનગરમાં જ થવી જોઈએ અને મારી ઇચ્છા પૂરી થઈ. સરદારની કાંસાની પ્રતિમા ઢાળવાનું કામ વલ્લભ વિદ્યાનગરની ફાઉન્ડ્રી અને વર્કશોપમાં થયું, એનું બધા કાર્યકર્તાઓને ગૌરવ છે.

જે આંબાના ઝાડ નીચે બેસીને વલ્લભ વિદ્યાનગરના નકશાઓ થયા અને બધા કામની દોરવણી અપાઈ તે આંબાના વૃક્ષ નીચે એક બ્રહ્માની મૂર્તિ છે. મૂર્તિ ઘણી જ સુંદર છે અને એનો પણ એક ઇતિહાસ છે. સ્વામીનારાયણ ભગવાન ગુજરાતમાં ફરતા ફરતા ખંભાત


ISSN 0976 – 9609

ગયેલા. તે વખતે ત્યાંના સત્સંગીઓ એમને નગરા લઈ ગયેલા. નગરામાં પીપળાના ઝાડ નીચે આ મૂર્તિ ઊભી કરેલી હતી. મૂર્તિની સુંદરતા જોઈને સ્વામીનારાયણ એને ભેટી પડેલા. ત્યારપછી જે કોઈ બહારનો સત્સંગી ખંભાતમાં જાય તે નગરા જઈને આ મૂર્તિનાં દર્શન કરી આવતો. જોકે મૂર્તિ લાવવા માટે નટવરલાલ દવેના દાદા નંદલાલભાઈને નગરા મોકલેલા. એમણે ગામલોકોને આ મૂર્તિ આપવા બદલ હજાર રૂપિયા આપવાનું સૂચવેલું પણ ગામલોકોએ મૂર્તિ લઈ જવા દીધેલી નહિ. નગરા તો પહેલાં મહી કાંઠા ઉપરનું ગુજરાતનું બંદર હતું. એનું નામ તો મહીનગર હતું અને અત્યારે તે નગરા તરીકે ઓળખાય છે. જૂનું બંદર હોવાથી હું ત્યાં જોવા માટે ગયો હતો. તે વખતે મેં પણ આ બ્રહ્માની મૂર્તિ જોયેલી. મેં ગામલોકોને કહ્યું કે વિદ્યાનગરમાં અમે કલાની આવી જૂની ચીજો ભેગી કરી રહ્યા છીએ, માટે આ મૂર્તિ અમને વિદ્યાનગર માટે આપો. લોકોએ તરત જ હા પાડી. વિદ્યાનગર આવીને મૂર્તિ લાવવા મેં ટ્રક મોકલી આપી. ગામલોકોએ ભેગા થઈને એ મૂર્તિ ટ્રકમાં ચડાવી આપી. એ મૂર્તિ આંબા નીચે રાખી છે. હજાર રૂપિયા લઈને જે મૂર્તિ વડતાલ મંદિરને આપવાની ના પાડેલી, તે મૂર્તિ વિદ્યાનગરને મફત આપી અને ઉપરથી ટ્રકમાં ચડાવી આપવાની મહેનત પણ કરી, એ વિદ્યાનગર માટે એ લોકોને કેટલો પ્રેમ છે તે બતાવે છે. વિદ્યાનગરની શરૂઆતથી જ લગભગ આંબા નીચે આ મૂર્તિ સ્થપાયેલી છે. જેથી બહારથી આવનાર દરેક મહેમાન એને જોઈ શકે. આ મૂર્તિની વિશેષતા એ છે કે પહેલાંના વખતમાં બ્રાહ્મણો જનોઈને ઠેકાણે મૃગચર્મ બાંધતા. પછીથી મૃગચર્મની જગ્યાએ મૃગના ચામડાની બે ઈંચ પહોળી પટી પહેરતા અને ત્યાર પછીથી આ ચામડાની પટીની જગ્યાએ સુતરની જનોઈ આવી. આ મૂર્તિમાં પેલી ચામડાની પટી અને જનોઈ બન્ને ચીજો છે. મતલબ કે પટી અને જનોઈ બેના સંધિકાળ વખતે આ મૂર્તિ તૈયાર થયેલી છે, ઉપરાંત પારસીઓની કસ્તી પણ આ મૂર્તિને છે અને કસ્તીની ગોઠવણ પારસીઓ જેમ પાછળ વાળે છે તે પ્રમાણે આ મૂર્તિમાં પણ છે. ઈરાની બ્રાહ્મણો એટલે કે પારસીઓના ધર્મગુરુઓ આ દેશમાં આવતા હશે તેની અસર પણ આ મૂર્તિ ઉપર છે. આ ઉપરથી સાધારણ અનુમાન થાય છે કે આ મૂર્તિ લગભગ વાસ્તુશાસ્ત્ર પ્રમાણે ઘડાયેલી છે.

આ જ આંબાના વૃક્ષને સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રતીક તરીકે લેવામાં આવ્યું છે અને યુનિવર્સિટીનો મુદ્રાલેખ **''શીલવૃત્તફલં શ્રુતમ્''** એ મહાભારતમાંથી લેવામાં આવ્યો છે. અને એનો ટૂંકો અર્થ એ છે કે 'ભણતરનું પરિણામ ચારિત્ર્ય હોવું જોઈએ.'

- ('ભાઈકાકાનાં સંસ્મરણો' (૧૯૭૦) - પોતે લખેલા જીવનના મહત્ત્વના પ્રસંગોમાંથી સાભાર)

## અમૂલ્ય ભેટ

એસ.જી. પટેલ

એક દિવસ એક શિક્ષિકા બહેને નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે મોટા કાગળમાં પોતાના વર્ગના વિદ્યાર્થીઓના નામ લખવા કહ્યું. દરેક નામની સામે તેમજ નીચે બે લીટી ખાલી રાખવાનું કહ્યું. વિદ્યાર્થીઓને નવાઈ લાગી અને થોડીક ઈન્તેજારી પણ થઈ કે બહેન શું કરવા માગે છે?

શિક્ષિકા બહેને ત્યારબાદ દરેક વિદ્યાર્થીના નામની સામે જે તે વિદ્યાર્થીના સૌથી સારા ગુણો વિશે બધાને યાદ આવે તેટલું લખવાનું કહ્યું. દરેકે દરેક વિદ્યાર્થીના સદ્‌ગુણને યાદ કરીને લખવામાં બધા વિદ્યાર્થીઓને ખાસ્સી વાર લાગી. આવા નવતર પ્રયોગનો આનંદ પણ આવ્યો. ક્લાસનો બાકીનો સમય પણ આ જ કામમાં પૂરો થયો. શાળા છૂટ્યા બાદ દરેક વિદ્યાર્થીએ પોતાનું લખાણ શિક્ષિકા બહેનને સુપરત કરીને વિદાય લીધી.

અઠવાડિયાના અંતે શિક્ષિકા બહેને દરેક વિદ્યાર્થીના નામવાળો એક-એક કાગળ તૈયાર કર્યો. પછી તેના પર દરેક વિદ્યાર્થીએ તેના વિશે શું સરસ લખ્યું છે તેની યાદી તૈયાર કરી. સોમવારે ફરીથી ક્લાસ મળ્યો ત્યારે તેણીએ દરેક વિદ્યાર્થીને પોતાના નામવાળો સદ્‌ગુણોની યાદીવાળો પત્ર આપ્યો. દરેક વિદ્યાર્થી આ પત્ર વાંચતાં જ આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયો. દરેકના મોઢેથી આનંદના ઉદ્‌ગારો સરી પડ્યા.

''અરે! ભગવાન! બધા મારા વિશે આટલું સરસ વિચારે છે? દરેકના હૃદયમાં મારા માટે આટલું બધું સન્માન હશે એવું તો મેં ક્યારેય સપનામાં પણ વિચારેલ નહીં! બધા મને આટલું ચાહતા હશે તેની કલ્પના પણ મેં ક્યારેય નહોતી કરેલી.''

આંખમાં આંસુ સાથે દરેક વિદ્યાર્થી આવા અનેક ઉદ્‌ગારો વ્યક્ત કરતો ગયો. પોતાનું મહત્ત્વ બીજાને મન આટલું બધું હશે એ કોઈના માનવામાં જ નહોતું આવતું! એ દિવસ પૂરો થયો. ત્યારબાદ બધા જ વિદ્યાર્થીઓ એકબીજા સાથે હળીમળીને જ રહ્યા. કોણે કોના વિશે શું લખ્યું હતું તે કોઈ જાણતું જ ન હતું. એટલે બાકીના વર્ષો દરેક જણે બીજાની લાગણી ન દુભાય તેનો બરાબર ખ્યાલ રાખ્યો.

મહિનાઓ અને વર્ષો વીતી ગયા. આ વાત પણ ભૂલાઈ ગઈ. ઘણા વર્ષો પછી એ જ શહેરનો એક વિદ્યાર્થી કારગીલની લડાઈમાં શહીદ થયો. એનું નામ વિજયસિંહ. એનું પાર્થિવ શરીર ગામમાં લાવવામાં આવ્યું. દેશખાતર ખપી જનાર જવાંમર્દને શ્રદ્ધાંજલિ આપવા એ શહેરના લોકો ઊમટી પડ્યા. પેલાં શિક્ષિકાબેન પણ એમાં સામેલ હતાં. જ્યારે તેમણે અશ્રુભરી આંખે – મારા વ્હાલા વિદ્યાર્થી! – એમ કહીને કોફીન પર ફૂલો વેર્યા, ત્યારે બાજુમાં ઊભેલો એક અન્ય સૈનિક નજીક આવ્યો. ધીમેથી તેમણે કહ્યું – ''શું તમે જ વિજયસિંહના નવમા ધોરણના વર્ગશિક્ષક છો?'' ''હા, કેમ?'' શિક્ષિકા બહેનને આશ્ચર્ય થયું. ના, કંઈ નહીં. વિજયસિંહ તમારો હંમેશા ખૂબ જ આદર કરતો હતો. તમને એ વારંવાર અતિ પ્રેમથી યાદ કરતો હતો. આ વાર્તાલાપનું દૃશ્ય જોનારા વ્યક્તિઓ વચ્ચે થોડીક ગુસપુસ શરૂ થઈ ગઈ. અંતિમક્રિયા પતી ગયા પછી પ્રાર્થના માટે બધા એકઠા થયા ત્યારે એક સજ્જન પેલાં શિક્ષિકા બહેનની પાસે આવ્યા અને અત્યંત માનપૂર્વક બોલ્યા – ''નમસ્તે બેન! તમે જ વિજયસિંહના નવમા ધોરણના વર્ગશિક્ષક છો ને? જુઓ, વિજયસિંહ મરાયો ત્યારે એના ખિસ્સામાંથી આ કાગળ મળેલો છે. એના પર વિજયસિંહે પોતાના હાથે લખેલું છે કે, ''નવમા ધોરણના આદરણીય વર્ગશિક્ષક તરફથી

 ISSN 0976 – 9609

મળેલ સર્વોત્તમ ભેટ.''

સેલોટેપ વડે ઠેકઠેકાણેથી ચોંટાડેલ એ કાગળ કેટલી બધી વખત ખોલેલો અને ફરીથી ગડીબંધ વળાયેલ હશે એ તો એની સ્થિતિ પરથી સ્પષ્ટ દેખાઈ આવતું હતું. કાગળ જોઈને પેલા શિક્ષિકા બહેન ગળગળા થઈ ગયા. એ પેલો જ કાગળ હતો જે એક દિવસ એમણે એમના વર્ગના દરેક વિદ્યાર્થીને એમના વિશે બીજા વિદ્યાર્થીઓ શું વિચારે છે તે નોંધીને આપ્યો હતો.

''બહેન!'' વિજયસિંહની જ બેરેકમાં સાથે રહેલો અન્ય એક સૈનિક બોલ્યો, ''વિજયસિંહ હંમેશા કહેતો કે આ કાગળ એના જીવનની સૌથી મૂલ્યવાન ભેટ હતી.'' એ જ સમયે એક અન્ય યુવતી ત્યાં આવી બોલી – ''હા બહેન! મારા પતિએ પણ એમનો આવો જ કાગળ મઢાવીને ફ્રેમ કરાવીને ઘરમાં રાખ્યો છે! અરે મારા પતિએ તો અમારા લગ્નના આલબમમાં સૌથી પહેલા પાને આવો જ કાગળ લગાવ્યો છે.'' અન્ય એક યુવકે પોતાના ખિસ્સામાંથી એવો જ કાગળ કાઢીને બતાવ્યો અને બોલ્યો, ''હું તો હંમેશા વિજયસિંહની જેમ આ કાગળ મારા ગજવામાં જ રાખું છું. મારી જિંદગીની પણ આ એક કિંમતી ભેટ છે!''

વાતાવરણમાં અહોભાવથી ભરેલી શાંતિ છવાઈ ગઈ. આંખમાં આંસુ અને આદરથી ત્યાં ઉપસ્થિત દરેક વ્યક્તિ પેલા શિક્ષિકાબહેનને જોઈ રહી. હવે ભાવાવેશમાં સરી ગયેલા શિક્ષિકા બહેન દરેક વિદ્યાર્થીના માથે હાથ મૂકી આશીર્વાદની વર્ષા કરી રહ્યા.

એક નાનકડો પ્રસંગ જીવનને કેવો વળાંક આપી શકે? બીજા લોકોએ આપણા માટે કહેલા શબ્દો આપણી જિંદગીને સુંદર ઘાટ આપી દેતા હોય છે. આપણે હંમેશાં બીજા અંગે બોલતા કે વાત કરતાં આટલો જ ખ્યાલ રાખીએ તો ખાતરીથી એ લોકો એ શબ્દોને મઢાવીને જ રાખવાના!

આપણે આપણા મિત્રો, સ્નેહીઓ તેમજ સગાવહાલાઓને કહીએ કે આપણે એમને કેટલા ચાહીએ છીએ, આપણા માટે એ લોકો ખૂબ જ મહત્ત્વના છે, આપણે એમને હંમેશા આદરથી જોઈએ છીએ. એ લોકોના કયા સદ્‌ગુણો આપણને પ્રેરણા આપે છે અને મુશ્કેલીના સમયમાં માર્ગદર્શન પણ આપે છે. ચાલો, ખૂબ મોડું થાય તે પહેલાં દુનિયાને કહી દઈએ કે અમે તને ખૂબ જ ચાહીએ છીએ.

અને છેલ્લે... સેલોટેપ હોય કે સંબંધ, કશાનો પણ છેડો એવી રીતે ન છોડી દેવો કે ફરી તેને શોધવા ખોતરવું પડે.

ઉપરોક્ત પ્રસંગને પૂરક થાય એવી વાર્તાનો સાર સમજીએ.

એક શનિવારે નાનકડો છોકરો શાળાએથી ઘેર આવ્યો અને તેણે પોતાના પિતાને કહ્યું, મારા શિક્ષકે અમને ઘરકામમાં એક કામ સોંપ્યું છે – દસ વ્યક્તિને ભેટવાનું અને તેમને કહેવાનું કે, ''ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું.'' તેના પિતાએ કહ્યું, ''કંઈ વાંધો નહીં. હું તને કાલે મોલમાં લઈ જઈશ. ત્યાં તું આ કામ પતાવી શકીશ.'' છોકરો બીજા દિવસે સવારે ઊઠી, અતિ ઉત્સાહપૂર્વક તૈયાર થઈ ગયો અને તેના પિતાને કહેવા લાગ્યો, ''ચાલો પપ્પા મોલમાં જઈએ.''

બહાર ખૂબ જોરથી વરસાદ પડી રહ્યો હતો એટલે પિતાએ કહ્યું, ''બેટા, થોડી વાર પછીથી જઈએ, અત્યારે આટલા વરસાદમાં મોલમાં કોઈ નહીં હોય.'' પણ છોકરાએ તો જીદ પકડી. આથી પિતાએ એની બાળહઠ આગળ ઝૂકી જઈ, તેને ભારે વરસાદ વચ્ચે

કાર હંકારી મોલમાં લઈ ગયા. મોલમાં વસ્તી ઘણી ઓછી હતી. તેમણે મોલમાં એકાદ કલાક પસાર કર્યો અને છોકરો જુદા જુદા નવ લોકોને ભેટ્યો. હવે તેના પિતાએ કહ્યું, ''બેટા વરસાદ ઘણો વધી ગયો છે, આપણે રસ્તામાં ફસાઈ જઈએ એ પહેલાં ચાલ ઘરે પહોંચી જઈએ.''

છોકરો તેનો દસ જણાને ભેટવાનો લક્ષ્યાંક પૂરો ન થતાં થોડો ઉદાસ થયો, પણ આખરે તેણે પિતાની વાત માની અને તેઓ ઘેર પાછા ફરવા કારમાં બેઠા. તેઓ થોડા જ આગળ વધ્યા હતા ત્યાં રસ્તાની બાજુમાં એક ઘર દેખાયું. તે ઘર તરફ આંગળી ચીંધતાં છોકરાએ પપ્પાને વિનંતી કરી કાર ઊભી રાખવા કહ્યું અને ઉમેર્યું., ''પપ્પા મને પેલા ઘરમાં જઈ આવવા દો. મારે એક જ જણને ભેટવાનું બાકી છે. મને ચોક્કસ એ ઘરમાં કોઈક મળી જશે અને હું મારું ઘરકામ પૂરું કરી શકીશ.'' પિતાએ સસ્મિત પોતાના વ્હાલા દીકરાની ઇચ્છા પૂરી કરવા કાર બાજુમાં લીધી અને થોભાવી.

છોકરાએ તે ઘર પાસે જઈ દરવાજાની ઘંટડી દબાવી. થોડીવાર પછી એક મહિલાએ બારણું ખોલ્યું, જે ખૂબ ઉદાસ દેખાતી હતી. છોકરાને જોઈ તેને થોડી નવાઈ લાગી. તેણે પ્રેમથી પૂછ્યું, ''બેટા, તારે કોનું કામ છે?'' આંખોમાં ચમક અને ચહેરા પર મોટા સ્મિત સાથે એ નાનકડા છોકરાએ કહ્યું, ''મારા શિક્ષકે અમને દસ જણને ભેટવાનું કહ્યું છે અને તેમને એમ પણ જણાવવા કહ્યું છે કે ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું. હું નવ વ્યક્તિઓને ભેટી ચૂક્યો છું, હવે એક જ જણને ભેટવાનું બાકી છે. શું હું તમને ભેટી શકું અને મારા શિક્ષકનો સંદેશો પાઠવી શકું છું?''

તે મહિલા આ નાનકડા છોકરાને ભેટી પડી અને ચોધાર આંસુએ રડવા લાગી. આ જોતાં છોકરાના પિતા ત્યાં પાસે આવી ગયા અને તેમણે મહિલાને પૂછ્યું કે શું તમને કોઈ સમસ્યા છે? મહિલાએ પોતાની જાતને સંભાળી લીધી. પિતા-પુત્રને ઘરની અંદર આવવા આમંત્રણ આપ્યું. તેમને ચા પાઈ અને પછી કહ્યું, ''મારા પતિનું મૃત્યુ થોડા સમય પહેલાં થયું છે અને એ પછી હું સાવ એકલી પડી ગઈ છું. આજે તો હદ થઈ ગઈ. સવારથી મને થતું હતું કે બસ હવે મારે મારા જીવનનો અંત લાવી દેવો જોઈએ. થોડીવાર પહેલાં મેં ખુરશી લીધી. તેના પર ચઢી હું પંખે લટકી મારો જાન આપવાની તૈયારીમાં જ હતી ત્યાં દરવાજે ઘંટડી વાગી. મને આશ્ચર્ય થયું કે મને મળવા તો કોઈ આવતું નથી તો અત્યારે બારણે કોણ આવ્યું હશે? મેં કુતૂહલવશ દરવાજો ખોલ્યો અને આ નાનકડો છોકરો આવીને મને કહે છે, ''ધીરજ રાખો, જીવનમાં શ્રદ્ધા રાખો અને હું તમને ચાહું છું.'' મને ખાતરી છે કે ચોક્કસ ઈશ્વરે પોતે મને આ સંદેશો (અમૂલ્ય ભેટ) તમારા પુત્ર દ્વારા મોકલ્યો છે. મારી મરવાની ઇચ્છા અને ઉદાસી ગાયબ થઈ ગયાં અને હવે મને જીવવા માટે એક નવું બળ મળ્યું છે.

યાદ રાખો : હંમેશા સકારાત્મક વિચારો લોકો સાથે વહેંચો. લોકોની પડખે ઊભા રહો. બીજું કંઈ ન કરી શકો તો માત્ર તેમને સાંભળો. કદાચ તમો કોઈકનું જીવન બચાવવાના નિમિત્ત બની શકશો.

---

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર
ફોન : (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
ઈમેલ : sgpatel1948@gmail.com



ISSN 0976 – 9609

## કૃષ્ણને કરવું હોય તે કરે!

**દયારામ**

ચિત્ત તું શીદને ચિંતા ધરે?
કૃષ્ણને કરવું હોય તે કરે!

સ્થાવર જંગમ જડ ચેતનમાં માયાનું બળ ઠરે;
સ્મરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું, જન્મ મરણ ભય હરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

નવ માસ પ્રાણી શ્રીકૃષ્ણનું, ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે, લખ ચોરાશી ફરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

તું અંતર ઉદ્વેગ ધરે, તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો, હર બ્રહ્માથી નવ ફરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

દોરી સર્વની એના હાથમાં, ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર બજાવે જંત્રી તેવો સ્વર નીસરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

થનાર વસ્તુ થયા કરે, જ્યમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે, જ્યમ ગજ કોળું ગળે
કૃષ્ણને કરવું હોય તે કરે!

જેનું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહીં કોઈથી, શીદ કુટાઈ તું મરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

તારું ધાર્યું થાતું હોય તો, સુખ સંચે દુઃખ હરે;
આપ તણું અજ્ઞાનપણુ એ, મૂળ વિચારે ખરે
કૃષ્ણને કરવું હોય તે કરે!

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા શીદને ડરે?
કૃષ્ણને કરવું હોય તે કરે!

## ઓ ઈશ્વર ભજીએ તને...

**કવિ દલપતરામ**

ઓ ઈશ્વર ભજીએ તને, મોટું છે તુજ નામ
ગુણ તારાં નિત ગાઈએ, થાય અમારાં કામ.

હેત લાવી હસાવ તું, સદા રાખ દિલ સાફ
ભૂલ કદી કરીએ અમે, તો પ્રભુ કરજો માફ.

પ્રભુ એટલું આપજો, કુટુંબ પોષણ થાય
ભૂખ્યા કોઈ સૂએ નહીં, સાધુ સંત સમાય.

અતિથિ ઝાંખો નવ પડે, આશ્રિત ના દુભાય
જે આવે અમ આંગણે, આશિષ દેતો જાય.

સ્વભાવ એવો આપજો, સૌ ઇચ્છે અમ હિત
શત્રુ ઇચ્છે મિત્રતા, પડોશી ઇચ્છે પ્રીત.

વિચાર વાણી વર્તને, સૌનો પામું પ્રેમ
સગાં સ્નેહી કે શત્રુનું, ઇચ્છું કુશળક્ષેમ.

આસપાસ આકાશમાં, હૈયામાં આવાસ
ઘાસ ચાસની પાસમાં, વિશ્વપતિનો વાસ.

ભોંયમાં પેસી ભોંયરે, કરીએ છાની વાત
ઘડીએ માનમાં ઘાટ તે, જાણે જગનો તાત.

ખાલી જગ્યા ખોળીએ, કણી મૂકવા કાજ
ક્યાંયે જગકર્તા વિના, ઠાલુ ના મળે ઠામ.

જોવા આપી આંખડી, સાંભળવાને કાન
જીભ બનાવી બોલવા, ભલું કર્યું ભગવાન.

ઓ ઈશ્વર તું એક છે, સર્જ્યો તેં સંસાર
પૃથ્વી પાણી પર્વતો, તેં કીધા તૈયાર.

તારા સારા શોભતા, સૂરજ ને વળી સોમ
તે તો સઘળા તેં રચ્યા, જબરું તારું જોમ.

અમને આપ્યાં જ્ઞાન ગુણ, તેનો તું દાતાર
બોલે પાપી પ્રાણીઓ, એ તારો ઉપકાર.

કાપ કલેશ કંકાસ ને, કાપ પાપ પરિતાપ
કાપ કુમતિ કરુણા કીજે, કાપ કષ્ટ સુખ આપ.

ઓ ઈશ્વર તમને નમું, માંગુ જોડી હાથ
આપો સારા ગુણ અને, સુખમાં રાખો સાથ.

મન વાણી ને હાથથી, કરીએ સારાં કામ
એવી બુદ્ધિ દો અને, પાળો બાળ તમામ.

## જો ને...

**છોટમ**

સત્ય નહીં તે ધર્મ જ શાનો? દયા વિના શું દામ જો ને?
મન વશ નહીં તેનું તપ શાનું? શીલ વિના શું સ્નાન જો ને?

ભાવ વિના તો ભક્તિ શાની? ભક્તિ વિન શું જ્ઞાન જો ને?
પ્રીતિ હોય તો પડદો શાનો? ધૈર્ય વિના શું ધ્યાન જો ને?

સદ્-ગુણ્અ નહીં તો સાધુ શાનો? તૃષ્ણા ત્યાં શું ત્યાગ જોને?
જ્ઞાન વિના તે ગુરુજન શાનો? કંઠ વિન શો રાગ જો ને?

ભ્રાંતિ રહી તે અનુભવ શાનો? સાચી ન મળે શોધ જો ને?
ધરમ બ્રહ્મની કથા ન જાણે, તેને શાનો બોધ જો ને?

પ્રતાપ નહીં તે પ્રભુતા શાની? સિદ્ધિ વિના શો સિદ્ધ જો ને?
દૈવત નહીં તે દેવ જ શાનો? રાંકપણે શી રિદ્ધિ જો ને?

વિનય વિના તે વિદ્યા શાની? દામ વિના શું દામ જો ને?
નીર વિના તે નવાણ શાનું? ધણી વિના શું ધામ જો ને?

કહ્યું કવે તે કવિજન શાનો? શૌર્ય વિના શું શૂરો જો ને?
સાચજૂઠનો કરે નિવેડો, તે તો પંડિત પૂરો જો ને?

સર્વ ગામિની સતી ન કહીએ, લક્ષ વિના શી ટેક જો ને?
સાચજૂઠની કિંમત ન કરે, છળમાં પાડ્યાં છેક જો ને!

સાચા પ્રભુને જે નવ શોધે, તે નર કહીએ કાચા જો ને!
કહે છોટમ નિર્ધાર કરી લે, વેદ તણી એ વાચા જો ને!

।। વિદ્યાવૃત્ત ।।

### ન્યુ વલ્લભ વિદ્યાનગર, એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં વર્ચ્યુઅલ વર્કશોપ યોજયો

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની ઘટક સંસ્થા એરિબાસ કોલેજમાં ડિપાર્ટમેંટ ઓફ માઇક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજી દ્વારા એક દિવસીય વર્ચ્યુઅલ વર્કશોપનું આયોજન ડૉ. મુકુંદચંદ્ર અને સ્નેહલ ઇંગ્લે દ્વારા કરવામાં આવ્યું હતું. આ વર્કશોપ યોજવાનું મુખ્ય કારણ સાયન્સમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને લેબોરેટરીમાં વપરાતા સાધનોને વાપરવાની રીત, માવજતની તકેદારી તેમજ કોઈ પણ ક્ષેત્રે કામ કરવાની આવડત કેળવાય તે અંગે, તેમજ વિદ્યાર્થીની કામ કરવાની કળા અને કૌશલ્ય દીપી ઉઠે એવો પણ આશય હતો. આ સમગ્ર વર્કશોપનું આયોજન અને માર્ગદર્શન સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ તેમજ વર્કશોપ કન્વીનર ડૉ. મુકુંદચંદ્ર ઠાકુર અને તેમની ટીમનાં સભ્યો ડૉ. શિલ્પા ગુપ્તે, શ્રી સ્નેહલ ઈંગ્લે, ડૉ. આરિફ ખાન અને ડૉ. ખુશાલ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.


ISSN 0976 – 9609

## ગઝલ

**દક્ષેશ ઠાકર**

હું બધાને ચાહતા શીખી ગયો,
દોષને દફનાવતા શીખી ગયો.

કારણો આઘાતનાં સામે મળ્યાં,
કારણો અપનાવતા શીખી ગયો.

બારણે આવી અને ઊભું રહ્યું,
તો દરદ શણગારતા શીખી ગયો.

ચાંદનીની રાત ન્હોતી ભાગ્યમાં,
સૂર્યને સ્વીકારતા શીખી ગયો.

રણ મળ્યું સહરાનું ધગધગતું છતાં,
નાવને હંકારતા શીખી ગયો.

દીપ જો ના ઝળહળ્યો તો શું થયું?
જાતને પ્રગટાવતા શીખી ગયો.

જે બધાને ભાંડતા હો એમને,
આયનો દેખાડતા શીખી ગયો.

## નારી તું ન્યારી!

**આર. પી. પટેલ**

હે નારી!
તું સર્વ સ્વરૂપે પ્યારી
કિન્તુ, જગતજનની રૂપે ન્યારી!!

કૈં કૈં દુઃખ સંતાપ સહીને
ઇચ્છાઓ દબાવી સૌને સાચવતી
પરિવાર કાજે સદા હિતકારી!!

ભૂખ તરસ ચૂપચાપ વેઠીને
ચિંતા કરી, સૌનું ભોજન સાચવતી
સાક્ષાત્ તું છું, અન્નપૂર્ણા અવતારી!!

તું પાસ હો યા દૂર....સુદૂર
સૌને શુભાશિષ દેતી
મધુરમ્ ઘરમાં સ્વર્ગ સર્જનારી!!

વંદન હો તુજ માતૃત્વ-સમર્પણને
ધરાએ સરિતા રૂપે અવતરતી
સંસાર બાગને તું મહેંકાવનારી!!

હે નારી!
તારી છે ન્યારી બલિહારી!!

- (માનદ્ નિયામક, એ.આઈ.પી.એસ.)
રામકૃષ્ણ સેવામંડળ, આણંદ
મો.૯૮૨૫૮ ૫૦૩૪૮

## કાબર કયે... (બાળગીત)

**કિરીટ ગોસ્વામી**

કાબર કવે- મમ્મી, ના મોકલ નિશાળે..
જબરી છે મોજ, એથી લીમડાની ડાળે !

આખો દિ' લેસન, બસ લેસન કેમ થાય?
કૂ...કૂ...કૂ... ટહુકાની મસ્તી ભૂલાય !

કલાસમાં જ બેસીને કોણ ના કંટાળે ?
જબરી છે મોજ, એથી લીમડાની ડાળે...

કક્કાથી સારું તો કલબલનું ગીત..!
નંબરની ચિંતા નહીં; ન હાર કે ન જીત..!

મજા-મજા ડાળે.. ને મજા-મજા માળે !
કાબર કયે- મમ્મી, ના મોકલ નિશાળે..

એફ-૨૦/૬૬૬, પહેલા માળે, રણજિત નગર,
જામનગર-૩૬૧૦૦૫

## ફરજ શું પડી?

**ધરતી પટેલ**

સામાજિક અંતરની,
ફરજ શું પડી?!
માનવી તો માણસના,
અંતર સુધી પહોંચી ગયો...
ભૌતિક સુખની લ્હાયમાં,
યંત્ર બની ગયેલો માનવી,
એક જીવના કાળા કેરથી,
પુનઃ ધબકતો થઈ ગયો...
દોડ્યો બહુ-મૂર્ત થતાં સુધી
ક્ષણવાર નહીં થોભનાર,
ચાર દીવાલોની કેદમાં રહી,
જાણે, ફરી સજીવન થઈ
ગયો...
સાફ થયું વાતાવરણ કે?
થઈ સાફ દૃષ્ટિ માનવની?
સ્વચ્છતાના મૂલ્યો શું
શીખ્યો?
નૈતિક મૂલ્યોને પણ અપનાવી
ગયો...
પૈસાનો પાગલ પ્રેમી,
જોઈ પૈસાને પણ નિઃસહાય,
પ્રેમનું મૂલ્ય પારખી ગયો...
લાખોના દેહને હણનાર-એ
જીવ,
અબજોના આત્માને ઢંઢોળી
ગયો...

મો.૭૮૭૪૩ ૮૧૫૧૫
એન. વી. પટેલ કોલેજ, વલ્લભ
વિદ્યાનગર

## Towards New Horizons

**P. V. Satya Ramesh**

*Curriculum on the Frontline,*
*Education imparted Online.*
*Opportunities are sublime,*
*Generation moves ahead of time.*

*Combating the novel challenges,*
*E-platforms are the new resources.*
*Educators engage in experiments,*
*Learners delve into experiences.*

*Teaching and learning,*
*Classwork and homework,*
*Assessment as well as feedback,*
*All is ensured to keep on track.*

*Envisioning the scopes of education,*
*Ranging from content to competency.*
*Skills of memorizing to conceptualizing,*
*The steps of evaluating to creating.*

*New National Education Policy,*
*Foundational Literacy and Numeracy,*
*Perspectives are Futuristic,*
*Functionaries are optimistic.*

*Integrating technology with education,*
*Appeared a distant dream till now,*
*The constraints COVID 19 posed,*
*Wiped blackboards with the digital ones.*

*Embracing change is the first step,*
*Adaptability is a necessary prep.*
*Evolution has been a continuous instinct,*
*Evolve, we must, or we'd soon be extinct.*

Principal, V & C Patel English School,
Vallabh Vidyanagar

## अपनों से दिल लगाके जीओ

**महेश ख्रिस्ती**

*जो भी अपने हैं, अपनों से दिल लगाके जीओ।*
*जो भी सपने हैं, सपनों से मन लगाके जीओ।*

*वक्त की फितरत है, चलते रहना,*
*हसीन लम्हों को मिटाते चलते रहना।*
*जो भी खुशियां है, खुशियों को गले लगाके जीओ।*
*जो भी अपने हैं, अपनों से दिल लगाके जीओ।*

*प्यार का शहद मिलाके चलते रहना,*
*कल वो साथ न हो, आज साथ लेकर चलना।*
*जो भी नैमत है, नैमत को गले लगाके जीओ।*
*जो भी अपने है अपनों से दिल लगाके जीओ।*

Principal, I. B. Patel English School,
Vallabh Vidyanagar


ISSN 0976 – 9609

## છે તેટલું તો વાપરો!

**રવિશંકર (મહારાજ) વ્યાસ**

એક દિવસ ચાર-પાંચ જુવાનિયા મારી પાસે આવ્યા. વાતવાતમાં તેમણે પૂછ્યું: ''મહારાજ, અમે ઈંડાં ખાઈએ તે અંગે તમારો શો અભિપ્રાય છે?''

મને થયું: એમને શો જવાબ આપું? પણ તરત જ મારાથી કહેવાઈ ગયું: ''અલ્યા, તમારે ઈંડાં ખાવા કે નહીં એમાં મને શું પૂછો છો? - એ ઈંડાંની મૂકનાર માને જ પૂછી જુવોને!''

''પણ દાદા, નિર્જીવ ઈંડાં ખાઈએ તો?''

''પણ, મને એ તો કહો કે તમારે ઈંડાં ખાવા છે શું કામ?''

''કેમ? ઈંડાંમાં પુષ્કળ વિટામિન અને પ્રોટિન હોય છે.'' યુવાનોમાંથી એકે કહ્યું.

''તમારી પાસે છે એટલું વિટામિન તો વાપરો! - પછી ખૂટે તો વિચારજો.''

અને એના અનુસંધાનમાં ગાંધીજીની એક વાત મને યાદ આવી તે મેં જુવાનોને કહી સંભળાવી:

ગાંધીજી તો પ્રયોગવીર હતા. અનેક જાતના પ્રયોગો કરતા. એમનું જીવન એટલે પ્રયોગ. એક દિવસ ગાંધીજીને વિચાર આવ્યો કે માણસ જો કાચું જ અનાજ ખાવાની ટેવ પાડે, તો એની કેટલીયે વેડફાઈ જતી શક્તિ બચે અને ઓછી વસ્તુમાંથી પણ વધારે તાકાત મેળવી શકે.

ગાંધીજીને વિચાર આવ્યો એટલે જોઈએ શું? પોતાની જાતથી જ શરૂ કરે. એ જ તેમના જીવનની વિશેષતા હતી. મને તેમની આ વાત ગમી ને હું તેમના પ્રયોગમાં જોડાયો. ત્રણ-ચાર દિવસ તો બાપુને આ પ્રયોગથી ખૂબ સ્ફૂર્તિ રહી, પણ પછી તેમને ઝાડા થઈ ગયા.

એક દિવસ તેમના ઓરડામાં મારે કાંઈક લેવા જવાનું થયું. બાપુએ મને બોલાવ્યો.

''તારો પ્રયોગ ચાલે છે?'' એમણે પૂછ્યું.

''હા.'' મેં ટૂંકો જવાબ આપ્યો.

''વજન ઘટ્યું?''

''પોણો શેર ઘટ્યું છે.''

''પણ શક્તિ?''

''થોડી ઘટી હોય એમ લાગે છે.''

''તું શું કામ કરે છે?''

મેં મારે ભાગે આવતાં બધાં જ કામો ગણાવ્યાં.

''આ બધું કામ થઈ શકે છે?''

''હા, એમાં વાંધો નથી આવતો.''

''તો પછી શક્તિ થોડી ઘટી છે એમ શા ઉપરથી કહે છે?''

એ વાણિયાને હું શો જવાબ આપું! અને પછી બાપુએ જે ભાષ્ય કર્યું તે હું કદી ભૂલી શકું એમ નથી.

''તને ખબર છે? ખપની શક્તિ કરતાં વધારે શક્તિ શરીરમાં ઉત્પન્ન થાય તો તેમાંથી વિકાર જન્મે. આ બહુ સમજવા જેવી વાત છે. એટલે જેટલું કામ કરવાનું હોય એટલી જ શક્તિ ઉત્પન્ન કરવી જોઈએ. વધારાની શક્તિથી લાભ નથી; ઊલટાની વધારાની શક્તિ ચિત્ત ને ઈંદ્રિયોમાં વિકાર પેદા કરે છે.''

(- 'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર)

*''મારા મતે તો પૈસો એટલે એકલી નોટો નહીં; બુદ્ધિનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. અનુભવ એ પણ પૈસો છે. એનું પણ પૈસામાં રૂપાંતર કરી શકાય છે. કાર્યક્ષમતા એ પણ પૈસો છે. મનોવૈજ્ઞાનિક વલણ એ પણ પૈસો અને શ્રમ એ પણ પૈસો છે. આ બધાનો જો સુમેળ થાય તો પૈસાનો વાંધો ન આવે.''*

- ભાઈકાકા

## ઉમ્મીદ પે દુનિયા કાયમ હૈ, હોસલોં સે કાયનાત બુલંદ હૈ

ઘનશ્યામ નાયક

મારું નામ નટવરલાલ પ્રભાશંકર ઊંઢાઈવાલા.

હા, 'તારક મેહતા કા ઉલ્ટા ચશ્મા'માં મારા કેરેક્ટરનું આ જ નામ છે અને આ નામ એવું તો પોપ્યુલર થયું છે કે આજે અડધું જગત મને નટુકાકાના નામે જ ઓળખે છે. પાત્રનું આ નામકરણ મેં જ કર્યું હતું. ભલું થજો પ્રોડ્યુસર આસિત મોદીનું અને મારા હરહંમેશના સહાયક દિલીપ જોષીનું. મારા પાત્રને તેમણે મારી ઓરિજિનલ રિધમમાં ભજવવાની પૂરતી મોકળાશ આપી. બધું ક્ષેમકુશળ ચાલતું હતું ત્યાં વચ્ચે કેન્સર આવ્યું. કાનમાં ૧૧ ટ્યુમર હતી. વર્ષનો બ્રેક લીધો અને એ જ પિરિયડમાં આ આપણો કોરોના પણ આવ્યો. સિરિયલમાંથી નટુકાકાને કોરોનાને કારણે તેમના વતન ઊંઢાઈ રહેવા મોકલી દીધા. અત્યારે શૂટિંગ બંધ છે અને ઘરે રહીને પરિવાર સાથે મજા કરીએ છીએ. માતાજીની કૃપા કે મારી ગાડી બરાબર ચલાવી અને ખૂબ નામના અપાવી.

ખોટું નહીં કહું, પણ મને માણસાઈનાં દર્શન સમયાંતરે થતાં આવ્યાં છે અને એ જ માણસાઈથી આપણી આ સૃષ્ટિ ટકેલી છે. મારી આ સાતમી પેઢી છે જે કલાક્ષેત્રે કાર્યરત છે. દાદા કેશવલાલ નાયક, પિતાજી પ્રભાશંકર (રંગલાલ) નાયકને આજે પણ કલા અને સંગીતક્ષેત્રે તેમણે આપેલા યોગદાન બદલ યાદ કરવામાં આવે છે. મારા વડદાદા પંડિત શિવરામ જાણીતા સંગીતકાર જય-કિશનના ગુરુ હતા. કલાક્ષેત્રે રસ હોય ત્યાં લક્ષ્મી ઝડપથી આવતી નથી, સંઘર્ષ લાંબો ચાલતો હોય છે. ૮ વર્ષની ઉંમરે મેં પહેલી વાર શોભાસણ ગામના મંદિરમાં યોજાયેલા કાર્યક્રમમાં સ્ત્રીનાં કપડાંમાં ભવાઈ કરવાનું શરૂ કર્યું હતું અને એ પછી કામ ચાલતું રહ્યું. ૧૯૬૦માં આવેલી ફિલ્મ 'માસૂમ'માં 'નાની તેરી મોરની...' ગીતમાં ઘણા ચાઈલ્ડ આર્ટિસ્ટ હતા, એમાંનો હું પણ એક હતો. ભણવામાં તો સાવ ડબ્બો. નક્કી જ હતું કે મારે કલાકાર બનવું છે એટલે એ જ દિશામાં ધ્યાન આપ્યું. નાટકોની બાજુએ જોયું અને અરુણા ઈરાનીના પિતાની લક્ષ્મી કલા કેન્દ્ર નાટક કંપનીના નાટક 'પાનેતર'માં કામ કર્યું. અગિયાર રૂપિયા મહેનતાણું હતું મારું. ૧૯૬૮માં ગુજરાતી પિક્ચર 'હસ્તમેળાપ'માં રમેશ મહેતા સાથે કામ કર્યું અને આમ કામ ચાલતું રહ્યું. ઘણી નૃત્યનાટિકામાં કામ કર્યું. મને યાદ છે કે મારું પહેલું કોમર્શિયલ નાટક 'પારસમણિ' હતું જેમાં મારા પિતા મારા મોટા ભાઈનો રોલ કરતા. 'વેલીને આવ્યાં ફૂલ' નામની ગુજરાતી ફિલ્મના એક ગીતમાં ડોશીમાનો અવાજ જોઈતો હતો, એમાં મારો અવાજ લેવામાં આવ્યો. સંગીત મારા લોહીમાં. રાજદરબારમાં મારા પૂર્વજો સંગીતાચાર્યનો હોદ્દો સંભાળતા.

૧૯૭૨ની બીજી ઑક્ટોબરે મુંબઈમાં ટીવી ચાલુ થયું ત્યારે પહેલો પ્રોગ્રામ 'આવો મારી સાથે' હતો, એમાં હું હતો. દૂરદર્શન પર ૧૧ વર્ષ ભવાઈના કાર્યક્રમો કર્યા. ભવાઈને જીવતી રાખવા માટે આજે પણ પ્રયત્ન ચાલુ છે. ડબિંગ આર્ટિસ્ટ તરીકે પણ પુષ્કળ કામ કર્યું. એક ફિલ્મમાં ચાર પાત્ર હોય તો ચારેયનો અવાજ હું બદલીને બોલતો. આજે હું પોતે જોઉં તો ખબર ન પડે કે આ મારો અવાજ છે. ૪૦૦થી વધારે ફિલ્મોમાં ડબિંગ કર્યું. અશોકકુમારથી લઈ અમિતાભ બચ્ચન સુધીના ચાર પેઢીના સુપરસ્ટાર અને મોટા ભાગની હીરોઈનો સાથે ફિલ્મોમાં કામ કર્યું છે. આ ૧૨ મેએ મને ૭૬મું વર્ષ પૂરું થશે અને એ પછી આજે પણ ઑફર આવે છે. આ બધું કહેવાનો ભાવાર્થ એટલો જ કે સંઘર્ષનું જ બીજું નામ જીવન છે. એનાથી થાકવાનું કે હારવાનું નહીં.

જીવનનો સંઘર્ષ ચાલતો હતો ત્યાં હમણાં ગયા ઑગસ્ટમાં હેલ્થ ફ્રન્ટનો સંઘર્ષ આવ્યો. કાન પાસે પાક થયો. ઑપરેશન કરાવ્યું તો ખબર પડી કે કેન્સરની ટ્યુમર છે અને એ બેચાર નહીં, ૯ ટ્યુમર. ક્ષેમકુશળ રીતે સર્જરી થઈ ગઈ, પણ સર્જરી પછી હોઠ સહેજ ત્રાંસા રહેતા. આર્ટિસ્ટ માટે દેખાવ મહત્ત્વનો હોય. ૯ મહિના આરામ કર્યો અને અત્યારે માતાજીની કૃપાથી એકદમ ઑલરાઇટ છું. હકારાત્મકતાને મેં ક્યારેય ત્યજી નથી અને તમે પણ ક્યારેય છોડતા નહીં. હકારાત્મકતાથી ભલભલી તકલીફો,

 ISSN 0976 – 9609

પીડા અને મુશ્કેલીઓ હળવી થઈ જાય છે. જીવનમાં જે સમયે હકારાત્મકતા છોડશો એ સમયે લાગશે કે તકલીફોનો પાર નથી, પણ જો મનમાં પોઝિટિવિટી હશે તો પહાડ જેવું દુ:ખ પણ અસર નહીં કરે, પણ જરૂરી છે હકારાત્મકતા.

મને એક વાત યાદ આવે છે અત્યારે...

'રંગલો' તરીકે જ્યારે મારું નામ ફેમસ થઈ ચૂક્યું હતું એ પછીયે આર્થિક રીતે ઘણો સંઘર્ષ વેઠવો પડતો હતો. 'ખિલૌના' ફિલ્મનું શૂટિંગ ચાલે. ફિલ્મમાં હું પણ હતો અને એને માટે મારે દરરોજ મલાડથી ચેમ્બુર આર. કે. સ્ટુડિયો જવાનું. માત્ર બે કોમેડી સીન અને એને માટે દિવસના ખાલી ૩૦ રૂપિયા મળે. બે દિવસનું જે મહેનતાણું હતું એના કરતાં તો વધારે મારું ગાડીભાડું ખર્ચાયું હતું, પણ કામ છે, કરવાનું છે અને પૂરા ખંતથી કરવાનું છે. આ હકારાત્મકતા મને કામ લાગી હતી. ધર્મેન્દ્ર અને હેમા માલિનીની ફિલ્મ 'શરાફત'માં ત્રણ દિવસ કામ કરવાના ફક્ત ૭૦ રૂપિયા મળ્યા અને મારો ખર્ચ થયો હતો ૧૦૦ રૂપિયા. દેવ આનંદની 'ચાર્જશીટ' ફિલ્મ માટે મને તેમણે વકીલના રોલ માટે બોલાવેલો, પરંતુ ડાયલૉગ એક પણ નહીં. હું કલાકાર છું, નાનો પણ ડાયલૉગ હોવો જોઈએ એવી દલીલ મેં કરી. પેમેન્ટ તગડું ઓફર કર્યું, પણ ડાયલૉગ વધારવાની ના પાડી દીધી એટલે વટથી મેં ફિલ્મ છોડી દીધી.

સદ્નસીબ કે નિર્મળાદેવી જેવી પત્ની મળી. જેણે ઓછી આવકમાં પણ ઘરસંસાર ચલાવ્યો અને મનમાં કોઈ જાતની નકારાત્મકતા આવવા દીધી નહીં. મારી પાસે બાળકોને સ્કૂલમાં ભણાવવાના પૈસા નહીં. મોટા થયા પછી તેમની કૉલેજની ફીના પણ પૈસા નહીં. જેમતેમ એડજસ્ટ કરીને તેમને ભણાવ્યા. ઉધારીમાં માંડ-માંડ ફી ભરી. મહેનત સ્વરૂપે માતાજીએ કૃપા કરી. આજે દીકરો મોટી કંપનીમાં મેનેજર છે. સારો લેખક પણ બની ગયો. બીજાના ઉતરેલા કપડા પહેરીને મોટા થયા છીએ, પણ ખબર હતી કે સારું જ થવાનું છે. ખોટું ક્યારેય થવાનું નથી.

'હમ દિલ દે ચૂકે સનમ'ની વાત કરું તમને. સંજય ભણસાલીનો ફોન આવ્યો. તેમને ફિલ્મમાં રંગલાનું પાત્ર ઉમેરવું હતું, પરંતુ એ મેળ નહોતું ખાતું. વિઠ્ઠલકાકાનું કેરેક્ટર તેમણે આપ્યું અને પછી અમે એ કેરેક્ટરમાં ભવાઈ ઉમેરી. ઐશ્વર્યા નવી-નવી હતી. તેને ભવાઈ કરતાં શીખવી ત્યારે તે પગે લાગી હતી. બીજો એક કિસ્સો યાદ આવે છે. રાજ કપૂરના ગુરુ કેદાર શર્માની ફિલ્મમાં મેં કામ કર્યું છે. કેદાર શર્માનો એક નિયમ કે જે એક્ટર સારું કરે તેને ચાર આના આપે. ફિલ્મનું નામ હતું 'સહેમે હુએ સિતારે'. રોલ પત્યા પછી બધાને ચાર આના તેમણે આપ્યા અને બધા ખુશ થઈ ગયા. મારો નંબર આવ્યો ત્યાં તેમની પાસે પૈસા ખતમ થઈ ગયા. હું મૂંઝાયો. મને અંદરખાને ડર હતો કે ખરેખર મેં સારું પરફોર્મ નથી કર્યું, પણ તેમણે બે રૂપિયાની નોટ આપી. એ નોટ જે દિવસે મળી એ દિવસે ખિસ્સામાં એક પૈસો પણ નહોતો. ચૌદેક કિલોમીટર ચાલીને આવ્યો, પણ બે રૂપિયા વટાવ્યા નહીં, એ બે રૂપિયાની નોટ આજે પણ મારી પાસે છે. ખિસ્સામાં પડેલા બે રૂપિયાએ મનમાં તાકાત ભરી દીધી હતી. હિંમત હાર્યો નથી અને એ જ તમને કહું છું, હિંમત હારતા નહીં. જંગ ગમે એવડી મોટી હોય, એનું પરિણામ નક્કી છે. પાછા બધાના સુખના દિવસો આવવાના છે.

ઉમ્મીદ પે દુનિયા કાયમ હૈ, હોસલોં પે કાયનાત બુલંદ હૈ.

દુનિયા ધમધમતી થઈ જશે. સેટ ફરીથી ધમધમવા માંડશે. લોકલ ટ્રેનમાં માણસો ફરીથી ઉભરાતા હશે અને રંગમંચ પણ ફરીથી ધબકતો હશે. હિંમત, બસ આપણે હિંમત રાખવાની છે. ઉપરવાળો તકલીફ લાવ્યો છે, એ જ આ તકલીફને પાછી લેવાનું કામ કરશે. કોરોના પણ લઈ જશે અને કોરોનાથી આવેલા દુ:ખો પણ હરી જશે. હિંમત ન હારતા, ક્યારેય નહીં અને જરાય નહીં. આ કાળમાં શીખેલા લોકડાઉન, રેમડેસિવિર અને હાઈડ્રોક્સિક્લોરિક્વિનાઈન જેવા બધા શબ્દો ભૂતકાળ બનવાના છે, પણ એને ભૂતકાળ બનાવવા માટે વર્તમાનમાં હિંમત ભરી રાખવાની છે.

(સૌજન્ય : સામાજિક મીડિયા સંકલિત)

॥ લઘુકથા-૧ ॥

## પુત્રી

ગિરિમા ઘારેખાન

ડીલિવરી માટે કાવ્યા એના પિયર ગઈ હતી અને બે-ત્રણ મહિના ત્યાં જ રોકાવાની હતી. જેમ હંમેશા થતું હોય છે એમ સગાં-વહાલાં, અડોશ-પડોશવાળા, મિત્રો, બધાં કાવ્યાની બેબીને રમાડવા આવતાં અને પછી એ કોના જેવી લાગે છે એની ચર્ચા થતી. આંખ મમ્મી જેવી અને નાક પપ્પા જેવું, કપાળ તો બિલકુલ એના નાના જેવું અને વાળ નાની જેવા-બ્રાઉન અને લીસ્સા. કાવ્યા ચહેરા ઉપર એક સ્મિત સાથે એ વાતચીત સાંભળ્યા કરતી.

હવે કાવ્યાની બેબી તોશા ત્રણેક મહિનાની થઈ હતી. એક દિવસ કાવ્યા એને કપડાં બદલાવતી હતી ત્યારે પાસે બેઠેલી એની મમ્મીએ કહ્યું, 'બીજા બધા ભલે ગમે તે કહે, મને તો લાગે છે કે તોશાનું નાક બિલકુલ એના નાના જેવું છે-શાર્પ.' પોતાના નાક ઉપર મગરૂરીથી આંગળીઓ ફેરવતાં પપ્પા બોલ્યા, 'હા. અને આંખો કાવ્યા કરતાં તારા જેવી વધારે લાગે છે. ધ્યાનથી જોઈએ તો એના વાળનો રંગ પણ તારા વાળ જેવો થોડો બ્રાઉન છે.'

તોશાના માથા ઉપર હાથ ફેરવતી એની મમ્મીએ ખુશ થઈને પતિદેવની વાતની પુષ્ટિ કરતા કહ્યું, 'કાલે મારી પેલી ફ્રેન્ડ રચના આવી હતી ને, એણે તો જોતાવેંત કહી દીધું કે આ તો બિલકુલ તારા ઉપર ગઈ છે.'

અત્યારે કાવ્યાના ચહેરા ઉપરનું સ્મિત થોડું વધારે પહોળું થયું. એને બહુ જ આનંદ હતો કે એના મમ્મી-પપ્પાને યાદ જ ન હતું કે એ એમની દત્તક પુત્રી હતી.

૧૦, ઈશાન બંગલોઝ, સુરધારા-સતાધાર રોડ, થલતેજ,
અમદાવાદ-૩૮૦૦૫૪, ફોન-૮૯૮૦૨૦૫૯૦૯

---

॥ લઘુકથા-૨ ॥

## ઓક્સિજનનું બિલ

રાજેન્દ્ર ઠાકર

એક વૃદ્ધ દાદા કોરોનાની બીમારીને કારણે હોસ્પિટલમાં દાખલ થયા હતા. સાજા થયા પછી ડૉક્ટરે સારવાર તેમજ ઓક્સિજન કન્ઝમ્પશનનું બિલ પેશન્ટના હાથમાં આપ્યું. બિલ જોઈ વૃદ્ધ દાદાની આંખમાં પાણી આવી ગયા. ડૉક્ટરે તેમની સારવાર તેમજ ઓક્સિજન મેળવવાની મુશ્કેલીઓ વગેરે દર્શાવી બિલનું વ્યાજબીપણું રજૂ કર્યું. તેમ છતાં, જો બિલ વધુ લાગતું હોય તો ઓછું કરી આપવાની તૈયારી બતાવી.

વૃદ્ધ દાદાએ કહ્યું, 'હું બિલની રકમ જોઈ ગભરાયો નથી. બિલ ભરવા હું આર્થિક રીતે સક્ષમ છું. પરંતુ મને એ વિચારે આંખમાં પાણી આવી ગયા કે, હોસ્પિટલ્સ ઓક્સિજન કન્ઝમ્પશનનું બિલ આપે છે. કુદરત જે કરોડો-અબજો સજીવોને ઓક્સિજન આપે છે, તેનું બિલ કુદરત માગતી નથી, કે આપણે તેના માટે કૃતજ્ઞતાનો ભાવ પણ દર્શાવતા નથી.' આટલું બોલી દાદાએ બિલની રકમ જમા કરાવી દીધી.

બી/૩/૧૯, સમર્પણ સોસાયટી, વલ્લભ વિદ્યાનગર
સંપર્ક : ૯૭૨૬૨ ૩૫૮૨૦



ISSN 0976 – 9609

# ભુજની વ્રજભાષાની સંસ્કૃત પાઠશાળાના ઇતિહાસ માટે સંશોધન કરવાની જરૂર છે

મિહિર એમ. વોરા

મિત્રો, કચ્છનો ઇતિહાસ એક અનોખી ભાત ધરાવે છે. કચ્છની એક સમયની શાન ગણાતી કચ્છ-ભૂજની વ્રજભાષાની અનોખી કાવ્યશાળા અને પાઠશાળાની વાત કરવી છે. આ પાઠશાળા કચ્છના મહારાજા લખપતસિંહે (શાસનકાળ ૧૭૪૨- ૧૭૬૦) ૧૭૪૯માં સ્થાપી હતી. તેઓ પોતે વ્રજભાષાના કવિ હતા અને એમણે સાહિત્ય, ચિત્રકલા, સંગીત અને નૃત્યને રાજ્યાશ્રય આપીને ઉત્તેજન આપ્યું હતું. બ્રિટિશ શાસનની સ્થાપનાના દાયકાઓ પહેલાં 'યુરોપિયન શૈલી'ને અનુરૂપ વિદ્યાકીય પ્રતીકરૂપ ભુજની પાઠશાળા હતી. લખપતસિંહે જોધપુરના કવિ હમીરદાન રતનુની મદદથી તેની સ્થાપના કરી હતી. પાછળથી સ્વામીનારાયણ સંપ્રદાયના આચાર્ય અયોધ્યાપ્રસાદે સંપ્રદાયને ખર્ચે દલપતરામને ૧૮૪૪- ૪૫માં વ્રજભાષા ઉપરાંત પિંગળશાસ્ત્ર અને કાવ્યશાસ્ત્ર શીખવા મોકલ્યા હતા. આ પાઠશાળા ભારતની પ્રાચીન ગુરુકુળ પદ્ધતિ પ્રમાણે ચાલતી હતી. અભ્યાસુઓને પદ્ધતિસરનું શિક્ષણ મળતું હતું. એ પછી દર ત્રણ મહિને પરીક્ષા લેવામાં આવતી હતી. એ જમાનામાં પાઠશાળામાં ૬૦૦ કરતાં વધુ ગ્રંથો હતા. પાઠશાળા રાજ્ય બહાર પણ વિખ્યાત થઈ હતી .ઓગણીસમા સૈકામાં ગુજરાતી ભાષા અને સાહિત્ય ઉપર અંગ્રેજી ભાષા અને પશ્ચિમની વિચારસરણીની અસર શરૂ થઈ તે પહેલાં નરસિંહ, મીરાં, ભાલણ, અખો અને પ્રેમાનંદ જેવા સંત કવિઓ ઉપરાંત ભાટ, ચારણ, બારોટ, ગઢવી અને તરગાળા જેવા તળપદા લોકકવિઓ દ્વારા ગુજરાતી ભાષા અને સાહિત્યની ખીલવણી થઈ હતી..પરંપરાગત સાહિત્યનું નવસર્જન કરવામાં કચ્છના પાટનગર ભુજમાં ૧૭૪૯માં સ્થપાયેલી વ્રજભાષાની કાવ્યશાળા અને પાઠશાળાએ પાયાનો ભાગ ભજવ્યો હતો. ભાષા અને સાહિત્યની એક સંસ્થા તરીકે તેનું ખૂબ મહત્ત્વ છે. આ સંસ્થાએ ભાષાને ખીલવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ પાઠશાળા તો છેક ૧૯૩૦ના દાયકામાં પણ પ્રવૃત્ત હતી પણ ગુજરાતના કવિઓને ગાંધી સાહિત્ય ઉપરાંત અર્વાચીન સાહિત્યમાં રસ પડયો કે પરંપરાગત ભાષા અને સાહિત્યની આ સંસ્થા ક્ષીણ થવા માંડી. ૧૯૪૭ પછી તો રાજ્યાશ્રય પણ બંધ થતાં આ પાઠશાળા અદૃશ્ય થઈ ગઈ તેની સાથે તેમાં સચવાયેલા ગ્રંથો અને હસ્તપ્રતો વેરવિખેર થઈ જતા 'ઓરિએન્ટલ સ્ટડીઝ'ના ઉત્તમ નમૂનારૂપ આ ભારતીય સંસ્થા સાવ પડી ભાંગી. એક જમાનામાં આ સંસ્થાની બોલબાલા હતી. છેક ઉત્તરપ્રદેશ, રાજસ્થાન, સિંધ, સૌરાષ્ટ્ર અને તેમ ગુજરાતના સુરત તથા નવસારીથી સાધુ-સંતો અહીં આવતા હતા. આજે જે સ્થાન ગુજરાતની સંશોધન સંસ્થાઓ અને યુનિવર્સિટીઓનું છે તેવું સ્થાન આ વ્રજભાષાની પાઠશાળા હતું.

એક વાત નોંધવા જેવી એ છે કે આ સંસ્થા અમદાવાદ અને સુરત જેવા વેપારી નગરમાં નહીં પણ સામંતશાહી લક્ષણો ધરાવતા કચ્છમાં શરૂ થઈ હતી અને ખીલી હતી તેનું મુખ્ય કારણ એ કે રજવાડાઓ અને મંદિરોમાં પરંપરાગત કવિઓ, કથાકારો, કીર્તનકારોની ભારે માંગ હોવાથી કવિઓ અહીં તાલીમ લેવા ઊમટતા હતા. ખુદ લખપતસિંહજી પ્રખ્યાત કવિ હતા એમણે સુરત તરંગિણી, રસશ્રીંગાર અને હરિભક્ત વિલાસ નામના કાવ્યશાસ્ત્રના ગ્રંથો રચ્યા હતા અને કચ્છી ભાષામાં પણ કાવ્યો રચ્યા હતા. કાવ્યશાળામાં ગુરુકુળ પદ્ધતિથી શિક્ષણ મળતું હતું. આ પાઠશાળા ગુરુકુળ પદ્ધતિથી ચાલતી હતી. વર્ગો પદ્ધતિસર લેવાતા અને દર ત્રણ મહિને પરીક્ષા લેવામાં આવતી હતી. પાઠશાળાનું મકાન આયનામહેલ પાસે આવ્યું હતું. મહેલ અને પાઠશાળાનું કંપાઉન્ડ એક હતું. હસ્તપ્રતો અલગ. ત્રણ વર્ષનો કોર્ષ હતો. કાવ્યશાસ્ત્ર, વ્રજ, હિંદી અને ગુજરાતી ભાષાઓ ઉપરાંત આખ્યાન, કથા, પિંગળ અને જ્યોતિષ વિદ્યા શીખવવામાં આવતા હતા. સંગીત, નૃત્ય અને નાટકનું પણ શિક્ષણ અપાતું હતું. રજવાડાઓ અને હિંદુ, ધર્મ સંપ્રદાયોને ચલાવી કેટલાયે જૈન અને હિંદુ વિદ્વાનો તેના આચાર્યપદે રહી ચૂક્યા હતા. કનક કુશળ, કુમાર કુશળ અને જીવન કુશળ જેવા જૈન વિદ્વાનો ઉપરાંત હમીરદાન રતનુ, પ્રાણજીવન ત્રિપાઠી અને ગોપાળ જાદવ બ્રહ્મભટ્ટ (ગોપ કવિ) જેવા હિંદુ વિદ્વાનોએ આ સંસ્થાને વિકસાવી હતી. ઓગણીસમા સૈકામાં કેશવ, હમીરજી,

દેવીદાન ગઢવી અને શંભુદાન ગઢવી જેવા સૌરાષ્ટ્ર-કચ્છના અનેક લોકકવિઓએ આ સંસ્થામાં તાલીમ લઈને મૌખિક ગુજરાતી સાહિત્ય વિકસાવ્યું હતું. સંસ્થાનું પોત ધર્મનિરપેક્ષ હતું. બ્રાહ્મણ, વણિક, રાજપૂત, દિગંબર અને શ્વેતાંબર જૈન, ચારણ, ગઢવી - એમ સૌ વિદ્યાર્થીઓ સાથે બેસીને ભણતા અને રસોઈ કરતા. જ્ઞાતિ કે કૂળ નહીં પણ ગુજરાતી અને વ્રજ ભાષા તથા સાહિત્ય મહત્ત્વના હતા. આ સંસ્થાનું ખરેખરું મહત્ત્વ પારખનાર સહજાનંદ સ્વામી (૧૭૮૧-૧૮૩૦) હતા. ઇ.સ. ૧૮૦૦માં તેઓ સૌપ્રથમ સૌરાષ્ટ્રના લોજપુરમાં (માંગરોળ) આવ્યા. ત્યારબાદ તેઓ સૌરાષ્ટ્ર, કચ્છના રાજા દેશળજી (૧૮૧૯- ૧૮૬૦), સહજાનંદ સ્વામીના નૈતિક અને ધાર્મિક આંદોલનથી પ્રભાવિત થયા હતા અને કચ્છનો મુસ્લિમ જમાદાર ફત્તેહમહંમદ તો સહજાનંદ સ્વામીનો પરમ ભક્ત હતો. સહજાનંદ સ્વામી કચ્છની આ સુપ્રસિદ્ધ પાઠશાળા. કાવ્યાશાળાથી પ્રભાવિત થયા હતા અને તેથી જ એમણે અહીં કાવ્યશાસ્ત્રની તાલીમ લેવા બ્રહ્માનંદ સ્વામીને (૧૭૭૨- ૧૮૪૯) તથા દેવીદાન ગઢવી ઉર્ફે દેવાનંદ સ્વામીને આ સંસ્થામાં મોકલ્યા હતા. સહજાનંદ સ્વામી ભારત વર્ષના સૌ પ્રથમ આધુનિક સંત હતા. સ્વામિનારાયણ સંપ્રદાય હિંદુ ધર્મમાંથી જ ઉદ્‌ભવેલું પાશ્ચાત્ય વિચારસરણી અને સંસ્કારથી તદ્દન અલિપ્ત નવજાગૃતિક આંદોલન હતું. સહજાનંદ સ્વામીની હયાતીમાં જ રચાયેલા વચનામૃતો મધ્યકાલીન ગુજરાતી ગાયનો ઉપરાંત અર્વાચીન ગદ્યનો વિશિષ્ટ નમૂનો છે. એવું કહી શકાય કે સહજાનંદ સ્વામીએ સંખ્યાબંધ સાધુ-સંતોને સંગીત, ભજન અને ભાષાઓની તાલીમ આપવા ભુજની પાઠશાળામાં મોકલ્યા હતા. આ સંપ્રદાયના સાહિત્ય ઉપર ગુજરાતી ઉપરાંત વ્રજ અને હિંદી ભાષાની પણ અસર વર્તાય છે. સહજાનંદ સ્વામીની માતૃભાષા હિંદી હતી, વ્રજ ભાષા એમની ગળથૂથીમાં હતી અને તેમણે ગુજરાતી ભાષા અપનાવી હતી. વ્રજભાષાની અનોખી કાવ્યશાળામાં અસંખ્ય સર્જકોએ તાલીમ મેળવી હતી. મધ્યકાલીન ભારતની વ્યાકરણના પાઠ ભણાવતી સંસ્થા હતી. કવિ દલપતની પરંપરાગત અને અર્વાચીન શૈલીની કવિતાનો જશ કચ્છની પાઠશાળાને જાય છે. દલપતરામે પાઠશાળામાં તાલીમ મેળવી હતી. કચ્છની પાઠશાળાએ ઓક્સફર્ડ જેવું પાયાનું કામ કર્યું હતું. ૧૮૪૮માં 'ફાર્બસ સાહેબ'ના સંપર્કમાં આવ્યા તે પહેલા દલપતરામ કવિએ પરંપરાગત અને આધુનિક એમ બન્નેની અજમાયેશ કરેલી! દલપતરામ ભુજની પાઠશાળામાં ભણ્યા પછી એમની સાથે અનેક ગ્રંથો અને હસ્તપ્રતો અમદાવાદ લઈ આવ્યા હતા અને કચ્છની વ્રજ ભાષાની પાઠશાળા તથા અમદાવાદના મંદિર સંસ્કૃતિ વચ્ચે અદ્‌ભુત રીતે સંયોજન કર્યું હતું. ૧૮૪૭માં આચાર્ય અયોધ્યાપ્રસાદ એમના કવિ દલપતરામને લઈને કચ્છના પ્રવાસે ગયા ત્યારે એમણે ભુજની પાઠશાળાની મુલાકાત લીધી હતી. એક જમાનામાં આ પાઠશાળા સમગ્ર ભારત વર્ષની એક તેજસ્વી વિદ્યાકીય સંસ્થા હતી આજે તેનું સાહિત્ય, તેના ગ્રંથો સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં વેરવિખેર છે. યુનિવર્સિટીમાં અલાયદો વિભાગ સ્થાપીને આ બાબતે શોધખોળ કરીને સંશોધન કરવાની જરૂર છે.

**સંદર્ભ :**


(૧) કચ્છ-ભુજની વ્રજભાષાની અનોખી કાવ્યશાળા અને પાઠશાળા (ગુજરાત સમાચાર) - ડૉ.મકરન્દ મહેતા, ૨૦૨૦

(૨) વિકીપિડીયા

(૩) કચ્છનો ઇતિહાસ - શ્રી ઉમિયાશંકર અજાણી, ૨૦૦૫

(૪) શ્રી નરેશભાઈ અંતાણી (પ્રત્રકાર અને ઇતિહાશવિદ, કચ્છમિત્ર), શ્રી કીર્તિભાઈ ખત્રી (ભુ.તંત્રીશ્રી, પત્રકાર અને ઇતિહાસવિદ કચ્છમિત્ર દૈનિક), શ્રી હરેશભાઈ ધોળકિયા (ચિંતક અને ઇતિહાસવિદ કચ્છમિત્ર દૈનિકના વિવિધ લેખો આધારિત માહિતી.



પરમેશ્વરી, પ્લોટ-૧૬૫, વિજયનગર, હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ -૩૭૦૦૦૧

## મણકો-૬

શીલા વ્યાસ

'મેરે પ્યારે દેશવાસીઓ...'થી આરંભાતું આપણા વડાપ્રધાન મોદીજીનું સંબોધન 'મન કી બાત' એક નવું અભિયાન સૂચવી જાય છે. 'જનતા કર્ફ્યુ' અને 'લોક ડાઉન' શબ્દો કોરોના મહામારીમાં પ્રસિદ્ધ થયાં તેમ 'આત્મનિર્ભર ભારત' સૂત્ર પણ સુપ્રસિદ્ધ થઈ ચૂક્યું છે. ખાસ કરીને મંદીના માહોલમાં સ્ત્રી અને યુવા વર્ગને રોજગારી મળે તો મોંઘવારીના ભરડામાંથી મુક્ત થઈ શકાય. એવા ઉદ્દેશથી રાજ્ય સરકારે વિવિધ ક્ષેત્રના કર્મચારીઓને પોતાની નોકરીના સ્થળે જ, નિશ્ચિત વિસ્તારમાં નિરીક્ષણ-સર્વેક્ષણની કામગીરી સોંપી. જેમાં પરિવારની સામાજિક, આર્થિક, શૈક્ષણિક સ્થિતિ મુજબ રોજગારી, વ્યવસાય કે ગૃહ ઉદ્યોગ માટે કેવી જરૂરિયાત છે અને કેવી સહાય આપી શકાય તેની પ્રાથમિક માહિતી મેળવીને યાદી તૈયાર કરવાની.

આ પરિપત્રના અનુસંધાને અમારી હાઈસ્કૂલમાં મીટિંગ થઈ. મને શહેરની ચાલી-ખડકી વિસ્તારમાં કામગીરી સોંપાઈ. 'ઓનલાઈન' તાસ લઈને, મુખે માસ્ક ચડાવી હું ચાલી તરફ ચાલી નીકળ્યો... ખૂબ જ સાંકડી જગ્યામાં ઓરડી, ઝૂંપડાં, સાઈકલ, કચરાના ઢગલા, ખૂણે-ખાંચરે ખાટલા કે પાણી ભરેલાં પીપ હતાં. જેથી પ્રાથમિક સુવિધા વંચિત અને ગરીબ વસતીની ગીચતાનો અનુભવ થાય. આનાથી પણ બદતર હાલત એના જીવનધોરણની હોઈ શકે. કદાચ આર્થિક સંકડામણને લીધે વિચાર સંકુચિતતા આવી જતી હશે કે શું? એવા વિચારે હું થોભ્યો.

પરંતુ આજે મારે શિક્ષણકાર્ય ઉપરાંત 'મન કી બાત'ને અનુસરવાનું હોવાથી આગળ ધપતા એક ઓટલી પર લમણે હાથ દઈને બેઠેલી ચાલીસેક વર્ષની સ્ત્રી જોઈ. એટલે બે ઘડી મૂંઝાયો કે વાતચીત કેમ, ક્યાંથી શરૂ કરવી. ત્યાં તો એનું ધ્યાન જતાં સામેથી પૂછ્યું, ''કોનું કામ છે ભાઈ?'' ઉત્તરમાં મેં સંવાદ સાધ્યો - ''અહીં રહેનારના ઘરમાં કોણ કોણ છે, શું કામ કરે છે, કેવી મદદની જરૂર છે એ વિશે કેટલીક માહિતી મળે તો સરકારી સહાય આપી શકાય તેની યાદી બનાવવા આવ્યો છું.'' એ ચીંથરેહાલ સાડીનો છેડો માથે ઓઢી, કોઈ અતિથિને આવકારતી હોય એમ બોલી, ''હા... આવોને... સાયેબ. હું જ માહિતી આપું, લખો મારું નામ રેવતી, ત્યક્તા, મા વગરની એકલી... ઓરડીમાં... કાંઈ કામકાજ મળે તો...'' ને મેં વિગતે નોંધણી કરી, પછી એની કામની આવડત વિશે પૃચ્છા કરી, ચર્ચા કરીને સમજાવ્યું કે, ''આંગણવાડીમાં આવતાં ભૂલકાંઓ માટે જાત-ભાતના રમકડાં બનાવી આપો તો રોજગારી મળી શકે તેની પૂરતી ખાતરી આપું છું.'' એ તો ખુશ થઈ, ઓટલી પરથી ઊભી થઈને મને પ્રણામ કરવા લાગી... ''સાયેબ, તમે તો મારા દેવ જેવાં... ભલું થાજો તમારા કુટુંબનું... મને કામ આપીને ઉગારી લીધી...'' એના આવા આભાર વચનોએ મારા માનસિક ભારને હળવો કર્યો. આર્થિક સહાયની યોજના મુજબ અરજી તૈયાર કરી, એની સહી લીધી. જતાં જતાં એના હાથમાં પચાસની નોટ ધરી ત્યારે સજળ નેત્રે એના હોઠ પર આછેરું સ્મિત ફરક્યું... એ મારી કાર્યનિષ્ઠાને વધુ ચમકાવી ગયું...

એક સપ્તાહ પછી પુનઃ ચાલીમાં ગયો ત્યારે અગિયાર જેટલા નામ-કામની યાદીમાં રેવતી પ્રથમ સ્થાને હતી. મારા આગમને એનામાં નવી ઊર્જાનો સંચાર થયો. હવે પહેલાં કરતાં થોડી વ્યવસ્થિત જણાઈ. એણે મોં પર ઝટપટ દુપટ્ટો બાંધ્યો. ઓટલી પર ગોદડી પાથરી, મને આસન આપ્યું. પછી પતરાની જૂની પેટીમાંથી એક ઢીંગલી કાઢી લાવી. જાણે હોમવર્ક કરી લીધું ન હોય!! ''જુઓ સાયેબ, આ પાંખળી ગમશે ને?'' પૂછતાં એણે મારા હાથમાં મૂકી. હું તો જોતાં જ દંગ રહી ગયો! પૂછ્યું કે, ''આ ઢીંગલી તેં બનાવી?' 'હાસ્તો...ન...' એવો લ્હેકો કરી, હકાર ભણી એ જરા હસી. જેમ શિષ્યનું સુંદર લખાણ જોઈને ગુરુ 'શબ્બાશ' ઉચ્ચારે એમ મારાથી સહેજ ઉદ્ગાર થઈ ગયો. ઊડતી ઢીંગલી... પરી... લાલશ્વેત લિબાસમાં... અરે સૌ કોઈને જોતાં જ ગમી જાય... મેં તરત જ એની કલાની કદર કરતા રૂપિયા સોની નોટ ધરી. જોકે, થોડી આનાકાની પછી એણે લીધી ખરી. અને અવનવાં રમકડાં બનાવવા અંગે જરૂરી મસલત કરી. વિવિધ સાધન-સામગ્રી, નાની-મોટી સોય, દોરો, કાપડ, કપાસ, ઊન, બટન, લેસપટ્ટા, ભરત-ગૂંથણની ચીજો વગેરેની યાદી બનાવી. આર્થિક સહાય મંજૂર થયે નાણાં મળી જશે એવી હૈયાધારણા આપી, પંખાળી

ઉતાવળે પગલે, રેવતીની ઓરડી તરફ મને આવતો જોઈને કેટલાંક ગણગણ્યાં. પણ તેને નગણ્ય કરી હું આગળ વધ્યો, તો રસ્તામાં 'કેમ શું થયું...? એવા દુઃખદ ઉદ્ગારે રેવતીની ચિંતા પ્રગટી. મેં ઘડીક નિરાંતનો દમ લીધો. ઓટલી પાસે આવી ધીરે રહીને કવર બતાવતા, માથું નમાવી હકાર દર્શાવ્યો. ત્યાં તો રાજીના રેડ રેવતી સમજી ગઈ ને આંખો બંધ કરી, મનોમન પ્રભુનો પાડ માનવા લાગી. બધી વાતનો વિગતે ફોડ પાડી, એની બેંકની પાસબુક લીધી. રકમ જમા થયે, વસ્તુ-સામગ્રી લઈને, એ વધારે રમકડાં બનાવી રોજગારી મેળવી શકશે એવો આનંદ વ્યક્ત કરી હું બેંક ભણી રવાના થયો... પછી તો આખી ચાલીમાં 'રેવતી રમકડાંવાળી' નામ ખૂબ ઝડપથી પ્રસિદ્ધ થયેલું જાણીને મારું કર્મ સિદ્ધ થયાનો સંતોષ અનુભવ્યો.

પરીની તેજ ગતિથી બાકીનું કાર્ય આટોપવા હું વિદાય થયો.

જાણે 'આત્મનિર્ભર ભારત'નું સૂત્ર સાકાર થતાં હું નજરે જોઈ શકતો હતો. ત્રણેક દિવસ પછી, સંસ્થામાંથી મારું નિયમિત કાર્ય પૂર્ણ કરી હું નીકળતો હતો ત્યાં જ મારા આચાર્યએ બોલાવ્યો. પગથિયાં ચઢી એમની ઓફિસમાં ગયો. એમણે ચૂપચાપ મારા હાથમાં એક કવર મૂક્યું. આ શું? એવી મેં પ્રશ્ન નજર ફેંકી તો એમણે સરકારી સહાય મંજૂર થયાનો પત્ર બતાવી મારા નામ સામે સહી કરવા કહીને ઉમેર્યું અભિનંદન! તમને અને સૌથી પહેલી આર્થિક સહાય મેળવનાર રેવતીને... લો આ કવરમાં રૂપિયા પંદર હજારનો ચેક છે, ઘટતું યોગ્ય કરશો. મેં ઊભા થઈ 'થેન્ક્યુ સર' કહીને બે હાથ જોડ્યા, એમણે ખુશી વ્યક્ત કરતાં મારો ખભો થાબડ્યો. પછી હું ઘેર જવાને બદલે બમણાં ઉત્સાહથી ચાલી તરફ ઊડ્યો.

આર્ટ્સ, કોમર્સ અને સાયન્સ કોલેજ, બોરસદ

॥ વિદ્યાવૃત્ત ॥

## કોમર્સ એન્ડ મેનેજમેન્ટ ફેકલ્ટી હેઠળ સીવીએમ યુનિવર્સિટીની સેમકોમ કોલેજ દ્વારા સેમ-ટોક વેબિનાર/સેમિનાર ફોરમનો આરંભ કરાયો

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટી સંચાલિત ફેકલ્ટી ઓફ કોમેર્સ એન્ડ મેનેજમેન્ટમાં સેમકોમ કોલેજ દ્વારા વિવિધ શાખાઓના સમકાલીન મુદ્દાઓ ઉપર જાણકારી પૂરી પાડવા 'સેમ-ટોક - ઓનલાઈન ફોરમ'નો આરંભ કરવામાં આવ્યો છે. આ ફોરમ અંતર્ગત તારીખ ૧૬ એપ્રિલ ૨૦૨૧ના રોજ રાયપુર મધ્ય પ્રદેશ જેસીઆઈ ઈન્ડિયાના પ્રેરક વક્તા અને રાષ્ટ્રીય ટ્રેનર જેસીઆઈ સેનેટર મિ.લક્ષ્ય ટાર્ગેટ દ્વારા 'ડેર ટૂ ડુ' વિષય ઉપર વિદ્યાર્થી ઓને વ્યક્તિગત જોખમ લેવાની ક્ષમતા, વ્યક્તિત્વની લાક્ષણિકતા જેવી કે સંભાળ, વહેંચણી, સમજણ, વિશ્વાસ અને આત્મવિશ્વાસ જેવા મુદ્દાઓની ચર્ચા કરી વિદ્યાર્થીઓને તેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

રાજસ્થાનના કોટાના મીસ રોહિણી કોહલીએ વિદ્યાર્થીઓને બિઝનેસ કોમ્યુનિકેશનનું મહત્ત્વ જેમાં યોગ્ય અવાજ અને ઉચ્ચારણ, સારા શ્રોતા બનવું, અસરકારક સંદેશા વ્યવહાર કરવો, સચોટ અને પ્રભાવશાળી હોવું, સ્વમાવજત અને આત્મવિશ્વાસ વધારવા જેવા વિષયો ઉપર ગહન માહિતી આપી હતી. તારીખ ૨૩ એપ્રિલના રોજ પંજાબના જલંધરના બ્રેઈન સાયન્સ કોચ અને ફાઈનાન્સિયલ એક્સપર્ટ જેસી ડૉ. સચીન ખુલ્લર દ્વારા 'સંપત્તિના સર્જન માટે નાણાનું મહત્વ' ટોપિક દ્વારા વિદ્યાર્થીઓને સ્વસ્થ અને શ્રીમંત મન કેવી રીતે રાખવું તે સરળતાથી સમજાવ્યું હતું. તેમણે ભવિષ્ય માટેની બચત, નાણાકીય જરૂરિયાતો અને આવકના અનેક સ્રોત રાખવા પર ભાર મુકયો હતો.

સુરત સ્ટાર ક્લબના સ્થાપક અને ડીરેક્ટર-ઉત્સાહી યુવા સ્પેસ સાયન્ટિસ્ટ મી. સન્ની કાબરાવાલાએ પ્રવૃત્તિ આધારિત સત્ર દ્વારા વિદ્યાર્થી ઓને દૈનિક સમસ્યાઓ હલ કરવા સર્જનાત્મક અને નવીન અભિગમ વિકસાવવા પ્રેરણા આપી હતી. તેઓની 'ડિઝાઈન થિંકિંગ' પરની વાતો અને જીવનના તમામ ક્ષેત્રે કલ્પનાશીલ રહેવાનું મહત્ત્વ સમજાવ્યું હતું. સાથે વિદ્યાર્થીઓને કલ્પનાશીલતાની શોધ, યોગ્ય વસ્તુ પર ધ્યાન કેન્દ્રિત કરવા, સર્જનાત્મકતા માટે કેવા વિચાર વલણની જરુર પડી શકે, સ્ટાર્ટ અપ માટે ડિઝાઈનિંગ અને વાસ્તવિક જીવનની સમસ્યાના ઉકેલો જેવા અગત્યના વિષયો પર વિદ્યાર્થીઓને ગહન માહિતી આપી હતી.

લગભગ ૧૦૦ વિદ્યાર્થીઓએ દરેક સેશનમાં હાજરી આપી હતી અને તેઓની કુશળતાનો લાભ મેળવ્યો હતો. દરેક સત્રના અંતમાં વિદ્યાર્થી ઓ પાસેથી પ્રતિસાદ લેવામાં આવ્યો હતો અને એના આધારે તેઓને સર્ટિફિકેટ એનાયત કરવામાં આવ્યા હતા. આ ફોરમ દરેક માટે ખુલ્લું છે. વિદ્યાર્થીના માતા-પિતા, મિત્રો, શિક્ષણવિદો, વ્યવસાયિકો અને રસ ધરાવનાર તમામને સેમ-ટોકમાં ભાગ લેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ, વાઈસ પ્રેસિડેન્ટ, સેક્રેટરી, જોઈન્ટ સેક્રેટરીએ આ નવતર અભિગમ માટે અભિનંદન સાથે શુભેચ્છા પાઠવી છે.



ISSN 0976 – 9609

# Madhuben and Bhanubhai Patel Institute of Technology (MBIT), New Vallabh Vidyanagar

**Dr. Archana Nanoty**

## An overview

Madhuben & Bhanubhai Patel Institute of Technology (MBIT) established in 2009 is contributing to society by making proficient Engineers. MBIT reinforces the commitment of Charutar Vidya Mandal towards academia and society, the institute professes to add the technical quantum competent personnel. The institute has charted out a long-term plan to inculcate its core ideology of social welfare and thus emerge as an exemplary Utopia of academics. MBIT is always open to changes and challenges. To achieve real Woman Empowerment, MBIT got conversion from only women to Co-Education from 2019-20. Mr. Prayasvin B. Patel, Chairman, and Managing Director, Elecon Engineering Company Limited, is the chief patron of this institute and also a president of CVM.

This institute is located in the satellite township christened New Vallabh Vidyanagar. It is a peaceful setup on a lush green belt of the region. The pledge of CVM to bring renaissance through the means of education has brought a cascading flow of colossal donations from and outside India.

## Programs offered at MBIT

MBIT started in the academic year 2009-2010 and since the beginning, we are focusing on soft branches. Currently, MBIT is offering two programs namely Computer Engineering, Information Technology. Thus, MBIT addresses the latest requirements in the field of technology. All the courses open floodgates for a wide range of job opportunities with rewarding pay packages.

## Infrastructure

MBIT has Computer labs with 500+ computers and laptops. It has a Wi-Fi facility for students with 48 MBPS 1:1 Internet connectivity with campus-wide Wi-Fi which includes Wi-Fi enabled Hostel and FSSAI Mess Facility. It has a reading room in the library with a reprographic facility. It has advanced fire safety and an indigenously designed sanitizing unit for the safety of staff and MBIT students. New Vallabh Vidyanagar is a secured campus with 24×7 security and CCTV Surveillance in college, as well as a hostel wherein AC rooms, are available on request. It has an Indoor-Outdoor Sports Facility for students where students can play various games like Table Tennis, Badminton, Volleyball, Cricket, Basket Ball, Chess, Carrom, etc. It is a residential campus where principals and staff members reside.

## Faculty strength

MBIT has emerging & latest branches like Computer Engineering and Information Technology still we have 21% faculty members with a Ph.D. degree and 40% of faculties are pursuing Ph.D. program and some faculty members are on the verge of completing the Ph.D. program. Principal of

Institute and faculty members have received prestigious awards from statutory bodies for the service to students and the education field. With continuous efforts from faculties and the hard work of students, MBIT has achieved the highest rank in GTU results in a very short span of 10 years. MBIT faculties continuously focus on research and as a result, they publish research papers in prestigious journals and have achieved patent rights.

## Affiliation

MBIT was affiliated with Gujarat Technological University from 2009 to 2019. From the year 2020 MBIT is affiliated and working under Charutar Vidya Mandal University.

## Our Vision

To become a benchmark technical institution where learning is a joy, education is for tomorrow, research and development is pace-setting and everyone is committed to deliver competent human resources for prosperity and well-being of industry, profession, and society.

## Our Mission

To prepare competent need-based human resources and responsible citizens for the engineering profession through dissemination of knowledge and development of technical skills and create an environment that fosters the involvement and commitment of all stakeholders for continuous improvement in performance and quality.

## Features

- Best academic result because of qualified and dedicated faculties with commitment towards teaching and research
- Simultaneous co-curricular activities for versatile learning and recreation
- Reading room in the library
- Various Committees as per AICTE and GTU Guidelines
- A.C. Rooms in a hostel on request & AC reading room in Sharda Hostel
- 24x7 Security
- CCTV Surveillance in college as well as hostel
- Lift and ramp in college as well as hostel
- Advanced fire safety system
- A fleet of comfortable Buses
- Counselling for the students throughout four years.
- Personality development program
- Simultaneous co-curricular activities for versatile learning and recreation
- In-house canteen for college students
- Indoor/Outdoor Sports Facility
- Well-equipped Gym

## Activities at MBIT

At MBIT, we focus on the $360^0$ development of students. Apart from regular teaching-learning out students actively participate in cultural activities, sports activities, NCC,

NSS, Technical festivals, Hackathons, workshops, expert talks, conferences, etc. Industrial visits are frequently organized by various departments throughout the year in reputed industries to improve the knowledge of the students. Even during the pandemic period, virtual industrial visit, alumni meet, farewell meeting, parents meet, yoga, Vedic mathematics, induction before admission was organized in virtual mode for student's development. MBIT has ISTE and IEEE student and faculty chapters which organise activities throughout the year for the betterment of students. Various renowned personalities like Laxmi Agrawal, Gaur Gopal Das, Jay Vasavda, Sanjay Raval, Navin Sheth, young and dynamic CTO Nilay Kulkarni, and many more have visited the MBIT campus to deliver the expert talks. MBIT also organizes social activities like Blood donation camp, Eye check-up camp, Thalassemia awareness camp, Tree plantation program, etc. on regular basis. A huge number of MBIT students volunteer for NGO "BACHPAN" where they teach and conduct various activities for students.

## Training and Placement

MBIT provides full placement assistance to its students. The fundamental objective of MBIT for higher education is to craft and transfer knowledge for the benefit of society. MBIT placement is a four-stage process involving the Pre-Placement activities, Career acquaintance & Guidance, and Executing Placement Drive and Post Placement feedback.

In addition to provide placement assistance to the students in the prominent organizations, we also facilitate the training of our students in the industries during summer and winter vacations, project work for the students in the last year, round the year college-industry interactions, alumni meetings, participation in the workshop, Tech- fairs, seminars, and conferences, counselling of the students on job opportunities, facilitating industrial tours and inviting eminent speakers to add value in our programs. To bridge the gap between industry and academia, an innovative program named Technoquest was organized at Madhubhan Resort, where industries were given chance to showcase their innovative practices in Operations and Human Resources.

Our students today are occupying coveted positions in Multinationals, Corporate, PSUs, and other organizations with excellent annual packages. These all can happen because of a dedicated effort where we organize soft skill programs, aptitude programs, group discussions, mock Technical and HR Interviews to make students industry-ready. As a result of these efforts, almost all interested and eligible students of MBIT get placed in renowned companies with attractive pay packages.

Principal, Madhuben and Bhanubhai Patel
Institute of Technology, (MBIT),
New Vallabh Vidyanagar

# ગુજરાતી રંગમંચ તથા નાટકોના જનકઃ શ્રી રણછોડભાઈ ઉદયરામ દવે

શ્યામ ખંભોળજા



(૯ ઓગસ્ટ, ૧૮૩૭ - ૯ એપ્રિલ, ૧૯૨૩)

મહાત્મા ગાંધીજીએ પોતાની આત્મકથા 'સત્યના પ્રયોગો'માં હરિશ્ચન્દ્ર નાટકનું વર્ણન પોતાની બાળસ્મૃતિમાંથી કરીને લખ્યું છે કે આ જ અરસામાં કોઈ નાટક કંપની આવેલ તેનું નાટક જોવાની મને રજા મળી. હરિશ્ચન્દ્રનું આખ્યાન હતું. એ નાટક જોતો હું થાકું જ નહીં. એ ફરી ફરી જોવાનું મન થાય... હું આજે પણ એ નાટકો વાંચું તો આજે પણ મને આંસુ આવે એમ માનું છું. આ હરિશ્ચન્દ્ર નાટકની રચના તથા દિગ્દર્શન શ્રી રણછોડભાઈ દવેએ કર્યું હતું. સમય હતો ૧૯મી સદીનો, જ્યારે ગુજરાતમાં અશ્લીલ ભવાઈનો સમય ચાલી રહ્યો હતો. મનોરંજનની ગુણવત્તાથી સમાજના સાંસ્કૃતિક સ્તરનો પરિચય મળી શકે છે, તે એક હકીકત છે. ગુજરાતી સમાજને અશ્લીલ ભવાઈમાંથી મુક્ત કરાવીને સભ્ય નાટકો અને રંગમંચની ભેટ આપનાર શ્રી રણછોડભાઈનો જન્મ ખેડા જિલ્લાના મહુધા ગામમાં તા. ૯ ઓગસ્ટ, ૧૮૩૭ના રોજ બાજ ખેડાવાળ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. ગુજરાત સર્વસંગ્રહ મુજબ મહુધા નગરનો પોતાનો આશરે ૨૦૦૦ વર્ષનો ઇતિહાસ છે. બાજ ખેડાવાળ સર્વસંગ્રહમાં જણાવ્યા અનુસાર હાલમાં મહુધામાં આવેલું ગાયત્રી મંદિર રણછોડભાઈનું પૈતૃક મકાન હતું. પ્રાથમિક અભ્યાસ મહુધામાં પૂર્ણ કરીને રણછોડભાઈ અંગ્રેજી શિક્ષણ માટે નડિયાદ અને ત્યારબાદ અમદાવાદ ગયા. મુંબઈમાં તેમણે અમદાવાદના વેપારી વતી તથા ગોંડલ, ઈડર અને પાલનપુર રાજ્યના પ્રતિનિધિ તરીકે કાર્ય કર્યું હતું. દરમિયાન ૧૮૮૪માં કચ્છ નરેશ ખેંગારજી સવાઈ ૩જાએ પૂર્ણ વહીવટીય સત્તા મળતા રણછોડભાઈને પ્રથમ હુઝુર આસિસ્ટંટ અને ત્યારબાદ કચ્છના દીવાન બનાવ્યા હતા. સુજીત મુખર્જી સંપાદિત A dictionary of Indian Literature: Beginnings 1850, અમરેશ દત્તા લિખિત Encyclopedia of Indian Literatureમાં તથા સીસીરકુમાર દાસ લિખિત The history of Indian Literature : Western Impact, Indian responseમાં રણછોડભાઈને ગુજરાતી નાટક તથા રંગમંચના જનક ગણવામાં આવ્યા છે. પારસી નાટક મંડળીએ શેક્સપિઅરના નાટકોનો ગુજરાતી અનુવાદ કરીને ભજવવાની શરૂઆત ૧૮૫૨ના અરસામાં કરી હતી. જેમાં ભાષાશુદ્ધિના અભાવે રણછોડભાઈએ ગુજરાતી નાટક મંડળીની સ્થાપના કરી હતી. ઉપરાંત પારસી નાટક મંડળી દ્વારા ભજવાતા નાટકો શેક્સપિઅરના નાટકોના અનુવાદ હતા, જ્યારે રણછોડભાઈએ સંસ્કૃત સાહિત્યમાંથી ચાર નાટકોનો અનુવાદ કર્યો હતો અને પોતે દસ નાટકો લખ્યા હતા. શ્રી ચંદ્રકાન્ત ટોપીવાલા મુજબ ગુજરાતી આદ્યનાટ્યકાર કે ગુજરાતી નાટકના પિતા તરીકે આ લેખકે તત્કાલીન ભવાઈની ગ્રામ્યતા અને અશ્લીલતાથી તેમજ પારસી રંગભૂમિની ગુજરાતીની અશુદ્ધિથી સુગાઈને અંગ્રેજી, સંસ્કૃત અને તળપદી નાટ્યપરંપરાના સંસ્કારોથી નાટકને લોકશિક્ષણના સાધનમાં પલટાવ્યું. આમ રણછોડભાઈએ સભ્ય નાટકોની રચના દ્વારા સમાજસુધારનું કાર્ય કર્યું તેમ કહી શકાય. સમય જતા ઈ.સ.૧૯૬૦માં સી.સી. મહેતાએ ૨૭ માર્ચે વિશ્વ રંગમંચ દિવસ ઉજવવાનો ઠરાવ યુનેસ્કોના માધ્યમથી પસાર કરાવ્યો હતો. હાલના સમયમાં ગુજરાતી રંગમંચમાં ભજવાતા તમામ નાટકો માટે દીવાદાંડી સમાન કાર્ય રણછોડભાઈએ પાછલી સદીમાં પૂરું પાડ્યું હતું. રણછોડભાઈએ જયકુમારીવિજય, લલિતાદુઃખદર્શક, તારામતીસ્વયંવર, હરિશ્ચંદ્ર, પ્રેમરાય અને ચારુમતી, બાણાસુરમદમર્દન, મદાલસા અને ઋતુધ્વજ, નળ દમયંતી જેવા નાટકોની રચના કરી હતી. તેમણે રણપિંગળ નામનો છંદવિષયક ગ્રંથ ઉપરાંત નિબંધ ગ્રંથો, વેપાર વિષયક ગ્રંથો અને પ્રકીર્ણ ગ્રંથોની પણ રચના કરી છે. રાસમાળા ગ્રંથનો અનુવાદ રણછોડભાઈએ


ISSN 0976 – 9609

ગુજરાતીમાં કરેલો હતો. તેમનું નાટક લલિતાદુ:ખદર્શક ગુજરાતી સાહિત્યના કરુણ નાટકો પૈકીનું પ્રથમ નાટક ગણાય છે. The emergence of tragedy in Gujarati Theatre: A Comparative Study of Three Gujarati Nataks નામના પુસ્તકમાં લેખક ડૉ.પાત્રસ્કુ (Spiru Herat University, Romania) એ લલિતાદુ:ખદર્શક નાટકની તથા રણછોડભાઈના સમગ્ર કાર્યની ઊંડાણમાં છણાવટ કરી છે. રણછોડભાઈ ઈ.સ.૧૯૧૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધ્યક્ષ બન્યા હતા. સને ૧૯૧૫માં અંગ્રેજી હુકુમત દ્વારા દીવાન બહાદુરનો ઈલ્કાબ તેમને એનાયત કરવામાં આવ્યો હતો. તેમનું તૈલચિત્ર મહુધા આર્ટ્સ અને કોમર્સ કોલેજના પુસ્તકાલયમાં રાખવામાં આવેલું છે, જેને મેં મહુધા કોલેજની મુલાકાત દરમિયાન ૨૦૧૫માં કેમેરે મઢ્યું હતું. મગજના તાવને કારણે ૧૯૨૩માં તેમનું મૃત્યુ થયું હતું.

પ્રાધ્યાપક, બી.બી.આઈ.ટી. કૉલેજ, વલ્લભ વિદ્યાનગર
મો.૯૯૯૮૮ ૮૩૮૬૭

।। વિદ્યાવૃત્ત ।।

## ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીની અંગભૂત સંસ્થા એન.વી. પટેલ કૉલેજ ઓફ પ્યોર એન્ડ એપ્લાઇડ સાયન્સ ખાતે ડિઝાઇન થિંકિંગ વિષય પર કાર્યશાળા યોજાઇ

ચારુતર વિદ્યામંડળ યુનિવર્સિટીના startup અને ઇનોવેશન સેલના ક્લસ્ટર ફોર અંતર્ગત વિદ્યાર્થીઓમાં ઇનોવેશન અંગેની સમજ કેળવાય તથા વૈજ્ઞાનિક દૃષ્ટિથી ઇનોવેશનને લગતા વિવિધ પાસાઓને અનુલક્ષીને નવી પ્રોડક્ટ કે નવી પ્રોસેસ વિકસાવી શકે તે હેતુથી ડિઝાઇન થિંકિંગ વિષય ઉપર એક દિવસીય કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. વલ્લભ વિદ્યાનગર તેમજ સમગ્ર ગુજરાતના પ્રખ્યાત ઇનોવેટર તથા આર. એન. ડી. કન્સલ્ટન્ટ શ્રી શ્રીલાલ જહા સાહેબે વિદ્યાર્થીઓને ડિઝાઇન થિંકિંગના વિવિધ પાસાઓ જેવા કે પેઇન પોઇન્ટની ઓળખ, યોગ્ય પ્રકારના રો મટીરીયલનો ઉપયોગ, પ્રોડક્ટ કે પ્રોસેસનો ઉપયોગિતા સંદર્ભ, માર્કેટ પોટેન્શિયલ સોશીયો ઇકોનોમિક ઇમ્પેક્ટ વિગેરેની વિસ્તૃત છણાવટ કરી હતી તથા રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે તેમણે પોતે કરેલા ઇનોવેશન મારફતે ઉપરોક્ત પાસાઓનો કઈ રીતે ઇનોવેટિવ પ્રોજેક્ટમાં સમાવેશ કરી શકાય તે અંગે વિદ્યાર્થીઓને સમજણ પૂરી પાડી હતી તથા વિદ્યાર્થીઓ અને શિક્ષકોના ઇનોવેશન પ્રોજેક્ટને લગતા ઘણા પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા પણ કરી હતી. આ પ્રસંગે એન. વી. પટેલ કૉલેજ ઓફ સાયન્સના પ્રિન્સિપાલ ડૉ. બાસુદેબ બક્ષીએ આઈડિયાનું ઇનોવેટિવ પ્રોડક્ટ કે પ્રોસેસમાં રૂપાંતર કરવા ડિઝાઇન થિંકિંગ વિકસિત કરવું અનિવાર્ય છે તેમ જણાવી આવી કાર્યશાળા મારફતે વિદ્યાર્થીઓમાં આ સ્કિલ વિકસિત થશે તેવી આશા વ્યક્ત કરી હતી. કાર્યશાળાનું આયોજન કૉલેજ ઇનોવેશન સેલના કો-ઓર્ડીનેટર ડૉ. ઉર્વીશ છાયા દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યશાળાને અંતે ઇનોવેશન અને સ્ટાર્ટઅપ સેલના ક્લસ્ટર કો-ઓર્ડીનેટર ડૉક્ટર કુંદન કુમાર મિશ્રાએ આભારવિધિ કરી હતી.

।। વિદ્યાવૃત્ત ।।

## એરીબાસ બાયોટેકનોલોજી કોલેજમાં વર્ચુઅલ સેમિનાર યોજાયો

સી.વી.એમ યુનિવર્સિટીની બાયોટેકનોલોજી શિક્ષણ આપતી એરીબાસ કોલેજમાં ઓન લાઇન માધ્યમ થકી વર્ચુઅલ સેમિનાર ઓન ડીએનએ હેન્ડલિંગ યોજાયો હતો. કાર્યકર્મની શરૂઆત ડૉ. નિશા દક્ષિનીએ ઈ-પ્રાર્થના ગાન કર્યા બાદ સર્વેનો આવકાર કરવામાં આવ્યો હતો. સંસ્થાની વિસ્તૃત માહિતી જેમકે સ્માર્ટ ક્લાસરૂમ, લેબોરેટરીઝ, લાયબ્રેરી, વિષય નિષ્ણાત અધ્યાપકો, આજના યુગમાં બાયોટેકનોલોજીનું મહત્ત્વ અને તેની રોજગારીની તકો વગેરેની ચર્ચા સંસ્થાનાં ઈન-ચાર્જ હેડ ડૉ. ભક્તિ બાજપાઈ દ્વારા રજૂ કરવામાં આવી હતી. બેકટેરિયલ જીનોમિક ડીએનએ આઈસોલેશનની ઊંડાણપૂર્વકની સમજ ડૉ. સંદીપ ચોવટીયાએ આપી હતી અને તે અંગેનું પ્રેક્ટિકલ જ્ઞાન ભક્તિ ગોરસિયા દ્વારા રજૂ કરાયું હતું. ડૉ. નિશા દક્ષિનીએ અગારોઝ જેલ ઈલેક્ટ્રોફોરેસિસ અને ડૉ. સંજય લાલ સર દ્વારા પોલીમર ચેન રિએક્શન (પી.સી.આર) પર ઓનલાઈન વક્તવ્ય આપ્યું હતું. ઓનલાઈન હાજર રહેલા વિદ્યાર્થીઓ દ્વારા રજૂ કરાયેલા પ્રશ્નો અને તેનાં ઉકેલો અંગેની ચર્ચા કરવામાં આવી હતી. કાર્યક્રમનું સફળ સંચાલન અને માર્ગદર્શન ડૉ. ભક્તિ બાજપાઈ અને તે માટેની જરૂરી સગવડ પૂરી પાડવા બદલ એંજિનીયર શ્રી ભીખુભાઈ બી. પટેલ (ચેરમેન, સી.વી.એમ.યુ), શ્રી મનીષભાઈ પટેલ વાઈસ પ્રેસિડેન્ટ (સી.વી.એમ.યુ) અને ડૉ. પી.એમ. ઉદાણી (ડાયરેક્ટર જનરલ, સી.વી.એમ.યુ) સાહેબના નેતૃત્વ હેઠળ કાર્યક્રમ સફળ બન્યો હતો. વર્ચુઅલ સેમિનારનું આયોજન સંસ્થાનાં સર્વે અધ્યાપકોનાં સહકારથી અને તે અંગેનું ઓનલાઈન પ્લેટફોર્મ પુરું પાડવા બદલ ડૉ. ખુશાલ પટેલ અને સોહિલ પટેલનો ટેક્નિકલ સપોર્ટ પ્રાપ્ત થયો હતો. ડૉ. દિગ્વિજયસિંહ રાણાએ સર્વેનો આભાર માન્યો હતો.

## જીવનદાન

મનહર રવૈયા

રોહન શાલિમાર સ્ટુડિયોનો મેઈન કેમેરામેન હતો. અરે એક સફળ કેમેરામેન હતો. સ્વભાવે ધૂની. વળી તરવરાટભર્યો ઉત્સાહી યુવાન હતો. તેનું વર્ણન કરીએ તો ચમકતો ચહેરો, વાંકડિયા જુલ્ફા, સિમેટ્રિકલ બોડી, ગોરો વાન અને પાણીદાર આંખો. એમાંય જ્યારે આંખો પર એ ગોગલ્સ ચડાવતો ત્યારે એનો ગેટઅપ એવો આવતો કે જાણે ફિલ્મનો હીરો...! એણે પુના ઈન્સ્ટિટ્યૂટમાં કેમેરામેનનો કોર્ષ કર્યો હતો. ટેલિવુડ જગતમાં એનું નામ હતું.

રોહને જ એની કોલેજની ક્લાસમેટ અર્પણાને ગુજરાતી ટીવી સીરિયલમાં હીરોઈનનું કામ અપાવ્યું હતું. કારણ રોહન અને અર્પણા બન્ને એકબીજાને દિલોજાનથી ચાહતા હતા અને એમાંય રોહનની સલાહ મુજબ અભિનય કરતા કરતા. અર્પણા દ્વારા અભિનિત સીરિયલ 'ઘુંઘરુ'ને બેસ્ટ સીરિયલનો એવોર્ડ મળ્યો. રોહન અને અર્પણા બન્ને ખૂબ જ નજીક આવી ગયા.

રોહન એના માતાપિતાનો એકનો એક પુત્ર હતો. એમનેય રોહનની પસંદ અર્પણા ગમતી હતી. લગ્નનું દબાણ કરતા હતા પણ રોહન અર્પણાના બીમાર પિતા જમનાદાસનું બહાનું બતાવી લગ્નની વાત ઉડાવી દેતો હતો. અર્પણાય લગ્નની વાત ઉચ્ચારતી ન હતી. એ રોહનને પ્રેમ કરતી હતી પરંતુ અચાનક સફળતા બાદ આવી ગયેલ સંપત્તિ, સમૃદ્ધિ, રહેવા બંગલો મળતા એને પોતાની કેરિયર બનાવવાની, વધારે સંપત્તિ બનાવવાની લાલસા જાગી. રોહનનો પ્રેમ અર્પણાને નજરમાં નહોતો આવતો. એને તો લગ્નનું બંધન પસંદ ન હતું. એને તો વૈભવ પ્રાપ્ત કરીને પછી રોહન સાથે લગ્ન કરવા વિચાર હતો.

એમાં એક રાતના બારેક વાગે જમનાદાસ, શારદાબેન અને અર્પણા, અંજલીની રાહ જોઈને ચિંતિત હૈયે બેઠા હતા. અંજલી એ અર્પણાની નાની બેન હતી જે હજુ ટ્યુશન ક્લાસમાંથી આવી ન હતી. કારણ ક્લાસ તો રાત્રે દસ વાગે પૂરો થઈ જાય. અંજલી કેમ, ક્યાં ગઈ હશે? આવી ચિંતામાં અર્પણા રોહનને ફોન કરતી હતી ત્યાં જ બારણું ખૂલ્યું અને અંજલીએ ઘરમાં પગ મુક્યો, ને જુનવાણી વિચારવાળા શારદાબેન બોલી ઊઠ્યા, ''અંજલી, તને કાંઈ સમયનું ભાન છે કે નહીં? અત્યાર સુધી ક્યાં હતી?'' ''શું મોમ... તું રાડો પાડે છે. તને ખબર તો છે કે હું સ્કૂલેથી છૂટીને ટ્યુશન જાઉં છું. આજે ટ્યુશનવાળા પંકજ સરની તબિયત સારી ન હતી તેથી એમને રસોઈ બનાવી આપવા રોકાઈ હતી. તેથી જરા મોડું થયું. સમજ, અને હું કાંઈ નાની નથી તે તું મને અવારનવાર ધમકાવ્યા કરે છે.'' ત્યારે શારદાબેને કહ્યું, ''પણ મોડું થાય એવું હોય તો તારે ફોન ન કરાય?'' ''ફોન કર્યો હતો પણ કોઈએ ઉપાડ્યો નહીં.'' બોલતી બોલતી એ એના રૂમ તરફ આવી. એને જમવું પણ નહોતું. એ જમીને આવી હતી. 'પંકજ સરને ત્યાં જ જમીને આવી છું' કહીને એના રૂમમાં પ્રવેશી ગઈ અને બારણું બંધ કરી, કપડા બદલી, પલંગમાં લંબાવીને મોબાઈલમાં વોટ્સએપ ખોલ્યું. આમ અંજલીનું વર્તન આજે જુદું લાગતાં અર્પણાએ ધાબે ચડી પંકજ સરને ફોન કર્યો. ''હલ્લો સર, તમારી તબિયત કેમ છે?'' ''કોણ બોલો છો?'' ''અંજલીની મોટી બેન અર્પણા.'' ''ઓહ અર્પણાબેન, મારી તબિયત સારી છે. બોલો.'' ''બસ અંજલીને જરા વધારે મહેનત કરાવજો, જેથી સારા માર્ક્સ લાવે એ.'' ''અંજલી સારા માર્ક્સ લાવી શકે તેમ નથી. ટ્યુશનમાં એ અનિયમિત છે. અવારનવાર એ ક્લાસમાં આવતી જ નથી.'' ''સારું એ નિયમિત ક્લાસમાં આવે તેમ કહીશ.'' અને અર્પણાએ વાત પૂરી કરી અને અંજલીનું ખરાબ ન લાગે સારું દેખાય એટલે અર્પણાબે બીજી સાચી વાત ન કરી. પણ એને ચિંતા થઈ કે અંજલી જુઠું કેમ બોલી હશે? બીજે ક્યાં જતી હશે? સારું હવે તપાસ કરવી પડશે. અંજલીને પૂછવું બેકાર હતું કારણ કે સાચી વાત તો એ કરવાની નથી.

છતાં અર્પણાએ એની મમ્મીને રાત્રે સૂતા પહેલા કહ્યું, ''મમ્મી...! આ અંજલી ઘરે વહેલી-મોડી આવે તો તું એને પૂછે છે ખરી, કે એ ક્યાં જાય છે? શું કરે છે? આજકાલ સમય બહુ ખરાબ છે.'' ''એમાં પૂછવાનું શું હોય? તને ક્યારે પૂછ્યું છે?'' ''પણ મારામાં અને અંજલીમાં ફેર છે. એ હજી ભોળી છે. ગમે તેની વાતમાં એ ભોળવાઈ જાય

 ISSN 0976 – 9609

તેવી છે.'' ત્યારે શારદાબેન બોલ્યા, ''બેટા, મને અંજલી પર પૂરો ભરોસો છે. એ ક્યાંય ભોળવાય તેમ નથી.''

''બસ આજ તમારો વાંધો છે. મોટાભાગના વાલીઓ યુવાન છોકરીને લાડ લડાવતા હોય છે. કોઈ સ્નેહી છોકરીના બારામાં ટકોર કરે તો પોતાની છોકરીની તરફેણમાં ઉપરાણું લેતા હોય છે.''

''બસ.. બસ હવે, લપ બંધ કર. હું અંજલીનું ધ્યાન રાખીશ બસ?'' ''ના.. ના મમ્મી, તું અંજલીને હાલ પૂરતું કશું કહેતી નહીં. પહેલા હું મારી રીતે તપાસ કરીશ.'' ''બહુ સારું.'' આમ વાત કરતા કરતા શારદાબેનને બગાસા આવ્યા, આંખો ઘેરાવા લાગી અને બન્ને સૂઈ ગયા.

બીજા દિવસે સ્ટુડિયો તરફ જવા માટે અર્પણાને ઉતાવળ હતી. જોયું તો અંજલી બાથરૂમમાં ન્હાઈ રહી હતી. એનો મોબાઈલ ટેબલ પર ચાર્જીંગ માટે મુકેલ હતો. ડિસ્પ્લેમાં લાઈટ ઝબકારા મારતી હતી. અર્પણાએ નજીક જઈને જોયું તો મોબાઈલ મ્યુટ મોડ પર હતો. કોઈ હિરેનનો ફોન આવી રહ્યો હતો. એણે બટન દબાવી કોલ રિસીવ કર્યો. સામે છેડેથી સંભળાયું કે, ''હલ્લો અંજુ...'' ત્યાં જ બાથરૂમનું બારણું ખૂલ્યું અને અંજલી બહાર આવી. તેને જોતા અર્પણાએ કહ્યું કે ચાલુ રાખજો, અંજલીને આપું છું. અંજલી મોબાઈલ લઈને એના રૂમમાં ચાલી ગઈ પણ અર્પણા વિચારતી થઈ ગઈ. અંજલીએ એના મોબાઈલમાં હિરેનનો નંબર સેવ કર્યો છે એટલે હિરેનના કોલ બહુ આવતા હશે. આમે ય છેલ્લા છ મહિનાથી અર્પણાને અંજલી બદલાયેલી લાગતી હતી. જાણે એ અંજલી નહીં... બસ, હવે તો અંજલી ક્યાંક ફસાઈ જાય એ પહેલા તેની તપાસ તો કરવી પડશે. જો એ કશું આડું-અવળું પગલું ભરશે તો આબરૂનો ધજાગરો થશે. આમ અર્પણાને ચિંતા સતાવી રહી. આમ તો ઘરેથી નીકળતા જ એનો મુડ ખરાબ થઈ ગયો હતો. એ સ્ટુડિયો પર આવી. મેકઅપ રૂમમાં આવી તો 'બેઆબરુ'નું શુટિંગ બંધ હતું. કારણ કે મેઈન લાઈનમાં ઈલેક્ટ્રિકલ ફોલ્ટ હતો. જે રિપેર થવામાં વાર લાગે તેમ હતું. અર્પણાને રોહન યાદ આવ્યો. એટલે એ એડિટીંગ રૂમમાં આવી. રોહન ઈન્વર્ટર ચાલુ કરી કમ્પ્યુટરમાં કોઈ કંપનીની જાહેરાતનું એડિટીંગ કરી રહ્યો હતો.

''હલ્લો રોહન...! આ તમારી લાઈટ ક્યારે આવે એ નક્કી નહીં.''

''તો શું કરશું? ચાલ બહાર કોલ્ડ કોફી પીવા જઈએ, ને મારે તને એક કામ પણ સોંપવું છે.'' અર્પણાની વાત રોહનને ગમી. એ બન્ને મૈસુર કેફેમાં છેલ્લે બહાર ગાર્ડનમાં બેઠા. કોફી આવતા પીતા પીતા અર્પણાએ વાત શરૂ કરી.

''રોહન, આજકાલ અંજલીનું વર્તન ચિંતાજનક થઈ ગયું છે. તેથી મારે તે ક્યાં ક્યાં જાય-આવે છે? કોને મળે છે? એની સંપૂર્ણ તપાસ કરવી છે. એનો પીછો કરવા હું કે તું ન ચાલીએ. કારણ કે આપણને ઓળખી જાય. તેથી કોઈ ખાસ વિશ્વાસુને આ કામ સોંપવું પડે. તારી નજરમાં આવો ચબરાક માણસ છે કોઈ...?''

રોહન મનોમન વિચારી રહ્યો કે આ કામ કોને સોંપવું. ત્યાં જ અચાનક રોહનને એના સ્ટુડિયોમાં કામ કરતો ટ્રોલી બોય હેમંત યાદ આવ્યો. ''અર્પણા, આપણે આ કામ કરવા હેમંતને તૈયાર કરીએ તો?''

''હા એ બરાબર છે અને અંજલી એને ઓળખતી પણ નથી. પણ આ વાત આપણે ત્રણ જ જાણીએ. હા, આપણે કાલ સવારથી જ દૂરથી અંજલીને હેમંતની નજરે ચડાવી દેશું. ઓકે?'' ''ઓકે''

○ ○ ○

બીજા દિવસે આયોજન મુજબ અર્પણાએ કોલેજ જવા નીકળેલી અંજલી હેમંતને બતાવી દીધી અને કહ્યું કે કાંઈ જરૂર જેવું લાગે તો ફોન કરજે. હેમંત બાઈક લઈને નીકળી પડ્યો. અંજલી કેમ્પસમાં પહોંચી ગઈ ત્યાં સુધી કાંઈ બન્યું નહીં. અગિયારથી સાંજના પાંચ સુધી બહાર તપ ધરી હેમંત બોર થઈ ગયો. સાંજે અંજલી છૂટી એની સાહેલીઓ સાથે પંકજ સરને ત્યાં ટ્યુશન માટે ગઈ. હેમંત બહાર સોસાયટીના મેઈન ગેટ સામે પાનના ગલ્લે અંજલી છૂટે તેની રાહમાં બેઠો. ટ્યુશન પૂર્ણ થઈ ગયું હશે કે નહીં? અંજલી બહાર આવીને શારદાનગર બસ સ્ટેન્ડ પર આવીને ઊભી રહી. હેમંત સતર્ક થઈ ગયો અને એ પણ બસ સ્ટોપ નજીક આવી ઊભો રહ્યો. અંજલીએ એનો મોબાઈલ કાઢીને કોઈને કોલ કર્યો. એણે શું વાત કરી

એ હેમંતને સંભળાયું નહીં. પણ થોડીવારમાં એક યુવાન કારમાં આવી પહોંચ્યો. અંજલી તુરત જ કારમાં આગળ યુવાનની બાજુમાં બેસી ગઈ. એટલે યુવાને હાઈવે પ્રિતમ સર્કલ તરફ કાર મારી મૂકી. હેમંતે પણ કીક મારી બાઈક પર કારનો પીછો કર્યો.

લગભગ બે કિમીના અંતરે કાર એક હુક્કાબાર એન્ડ ગાર્ડન રેસ્ટોરન્ટમાં ટર્ન લઈ પ્રવેશી ગઈ. હેમંતે એનું બાઈક રેસ્ટોરન્ટની બહાર પાર્ક કર્યું. અંજલી એક તરફ ખૂણામાં બે-ચાર યુવાનો સાથે બેઠી હતી. હેમંત પણ તેમની વાત સંભળાય એમ પાછળ મહેંદીની વાડની ઓથે બેઠો. એણે ન્યૂઝ પેપર વાંચતો હોય એવો ડોળ કર્યો.

કાર લઈને આવેલ યુવાન બોલ્યો, ''બોલ અંજલી, શું વાત છે? બે દિવસમાં તારા કેટલા બધા મિસકોલ આવ્યા? મેં તને નહોતું કહ્યું કે પપ્પા દિલ્હી ગયા છે એટલે મારે ક્લબમાં જવું પડ્યું હતું?''

''પ્લીઝ હિરેન, મારે તારી સાથે એકાંતમાં જરૂરી વાત કરવી છે.'' અંજલીએ એની મૂંઝવણ રજૂ કરી ત્યારે અંજલીની મજાક ઉડાવતા હિરેને કહ્યું, ''અરે આપણે એકાંતમાં બહુ મળ્યા છીએ. હવે બોલ તારે જે કહેવું હોય તે. આ બધા મારા દોસ્ત જ છે.''

ત્યારે અંજલી શરમાતા નીચી નજરે બોલી, ''હિરેન મને એમ થાય છે કે હવે આપણે લગ્ન કરી લેવા જરૂરી છે.''

''લગ્ન..? અંજલી, તું પાગલ તો નથી થઈ ગઈ ને? લગ્ન માટે મેં કશું વિચાર્યું નથી.''

''પણ તેં મને લગ્ન કરવાનું પ્રોમિસ આપ્યું છે ને?''

''જો, હું કોઈ પ્રોમિસમાં માનતો નથી. હું તો રહ્યો શરાબી અને સુંદરીઓનો પૂજારી. એટલે મારે મન તો યુવાન છોકરી અને શરાબભરી બોટલ બન્નેય સરખા. એને તો બસ એક રાત માણી લેવાય. એને જીવનભર ગળે ન બંધાય. સમજી?''

''પણ હું તારા બાળકની મા બનવાની છું.''

''તું મા બની બેઠી હો તો એ તારે ધ્યાન રાખવું જોઈએ. હા, તારે ગર્ભપાત કરાવવો હોય તો પાંચ-દસ હજાર લઈ જા અને કામ તમામ કરાવી નાખ. પછી તારે શું જોઈએ બોલ.'' હિરેન સાથે બીજા યુવાનો હસી પડ્યા. અંજલી હિરેનનું અસલી રૂપ જોઈ ભાંગી પડી. એ ગુસ્સામાં રેસ્ટોરન્ટની પાછળ આવેલ મુખ્ય વહેતી કેનાલ પર આવી. એનો ઈરાદો કેનાલમાં પડીને આત્મહત્યા કરવાનો હતો. પણ હેમંતે આવીને અંજલીને કેનાલમાં પડતી રોકી લીધી. અંજલી રડી પડી અને બોલી, ''મને મરવા દો.''

''જો અંજલી, હું રોહન અને અર્પણાનો દોસ્ત છું. તેમની સૂચના પ્રમાણે આજ સવારથી હું તારી જાસૂસી કરી રહ્યો છું. હિરેન અને તારી વાત મેં સાંભળી છે. એ દગાબાજની ચાલમાં તું પોતે ફસાઈ ગઈ છો પણ એનો ઉકેલ કાંઈ આત્મહત્યા નથી.'' અંજલીને આમ સમજાવી-ફોસલાવી હેમંત ઘરે લઈ આવ્યો. હવે હેમંતે ઘરે વાત કરી અને ઘરમાં સૌના માથે વીજળી પડી. જમનાદાસને તો ખરો આઘાત લાગ્યો. અર્પણા અને રોહન શાંતિ રાખી અંજલીને અબોર્શન માટે જઈ આવ્યા. પણ કોઈ ડૉક્ટરે અબોર્શન કરવાની હા ન પાડી. હવે શું કરવું એ સવાલે અંજલીના આખા પરિવારને મૂંઝવણમાં મુકી દીધો. જમનાદાસ એમની જ્ઞાતિના પ્રમુખ હતા. તેથી એ વિચારતા હતા કે લોકોને શું મોઢું બતાવવું. આ અંજલીએ તો ભારે કરી. આમ આખા ઘરનું દુઃખ જોઈ હેમંતે કહ્યું, ''રોહનભાઈ, હું અંજલીને મારા ખાસ મિત્ર ડૉક્ટર છે ત્યાં લઈ જાઉં? કદાચ એ કામ કરી દે.''

અર્પણા અને રોહને હા પાડી એટલે હેમંત અંજલીને લઈને ગયો. પણ એ સાંજ થઈ તોય હેમંત અને અંજલી આવ્યા નહીં એટલે અર્પણા અને સૌ ચિંતામાં પડી ગયા. એમને કોલ પણ લાગતો નહોતો. મોબાઈલ સ્વીચ ઓફ આવતો હતો. બીજા દિવસે અર્પણા સવારમાં આવેલ ન્યૂઝ પેપર વાંચતી હતી ત્યાં જ એની નજર એક જાહેરાત ઉપર ગઈ.

''અમો નીચે સહી કરનાર રાજીખુશીથી લગ્નગ્રંથિથી જોડાયા છીએ. લિ. હેમંત અને અંજલી..''

---

૭/અ, શારદા સોસાયટી, નવી રેલવે કોલોની પાસે,
બોટાદ-૩૬૪૭૧૦



ISSN 0976 – 9609

# તમક શ્વાસ (અસ્થમા) : હાલના સંદર્ભે એક વિશ્લેષણ

સાગર ભીડે

કોરોના પેનડેમિકના હાલના સમયમાં, શ્વાસને લગતી કોઈપણ બીમારી કોઈપણ વ્યક્તિને ચિંતામાં મૂકી દે છે. તો આવા તમક શ્વાસ (અસ્થમા) વિશે હાલના સંદર્ભે માહિતી મેળવવી ખૂબ જ જરૂરી બની જાય છે અને તેથી જ અસ્થમા થવાનું કારણ, સામાન્ય લક્ષણ, ગંભીરતાના લક્ષણો અને કોરોના વાયરસ સાથે તેના સંબંધ વિશે આપણે ચર્ચા કરીશું.

સામાન્ય રીતે અસ્થમા એ જે તે વ્યક્તિના શ્વસનતંત્રમાં થતી એલર્જીનું પરિણામ છે. આવી એલર્જી એટલે કે હાઈપર સેન્સિટિવિટીના કારણે શ્વસન સંસ્થાનની શ્લેષ્મિક કલામાં સોજો આવે છે અને સાથે સાથે શ્વાસનળીઓના સ્મુધ મસલ્સમાં સંકોચન પણ થવા માંડે છે. જેને કારણે શ્વાસના અવરજવરનો માર્ગ સાંકડો થઈ જવાથી વ્યક્તિને શ્વાસ લેવામાં તકલીફ થવા માંડે છે.

શ્વાસ લેવાની પ્રક્રિયામાં ઘણી માંસપેશીઓ ભાગ લેતી હોય છે. પરંતુ શ્વાસ કાઢવાની પ્રક્રિયામાં ફક્ત ડાયાફ્રામ જ કાર્ય કરતું હોય છે. એટલે જ અસ્થમાના રોગીઓમાં માંસપેશીઓની સહાયથી શ્વાસ અંદર તો આવી જાય છે પરંતુ અન્ય કોઈ સહયોગના અભાવે શ્વાસ બહાર કાઢવામાં વધુ મુશ્કેલી જણાય છે. અને એટલે જ શ્વાસ બહાર કાઢતી વખતે સીસોટી જેવો અવાજ સંભળાય છે જેને અસ્થમાનું સર્વસામાન્ય લક્ષણ Wheezing કહેવાય છે. (रुदरो घुघर्रकम्)

અસ્થમાનું બીજું સામાન્ય લક્ષણ છે કે સૂવામાં શ્વાસ ચડવાના કારણે તકલીફ થવી. જો વ્યક્તિ પથારીમાં બેઠો થઈ જાય તો થોડું સારૂ જણાવા લાગે છે. (आसिनो दभते सौख्यम) વળી જ્યારે અસ્થમાનો એટેક ચાલુ હોય ત્યારે જો ગળફાથી કફ નીકળી જાય તો પણ રોગીને થોડો આરામ જણાય છે. (श्लेष्म विभोडत्थान्ते मूहर्त लभते सुखम्)

ઘણી વખત શ્વાસ લેવામાં ખૂબ તકલીફ થાય ત્યારે મગજને પૂરતા પ્રમાણમાં ઓક્સિજન ન મળવાના કારણે રોગીના આંખે અંધારા આવવા માંડે છે. (તમઃ પ્રવેશ)

વળી શ્વાસના ગંભીર સ્વરૂપ રૂપે ઘણી વખત રોગીના હોઠ અને જીભ પણ ભૂરા થવા માંડે છે. (Cyanosis) જે શરીરમાં ઓક્સિજનની ગંભીર ઊણપનું દ્યોતક છે. આવા શ્વાસરોગને એટલે જ આયુર્વેદમાં પરમ દુર્જય કીધો છે અને કહ્યું છે કે જો વ્યવસ્થિત સારવાર ન કરવામાં આવે તો તે સર્પવિષની જેમ જીવ પણ લઈ લે છે.

''तस्मात साधारणावेतौ मतो परमदुर्जयो।<br>मिथ्योपचारितो कृदर्शे हत आशीविषाविव।।''

(ચરકસંહિતા)

તો જે રોગીને આવા પ્રકારનો અસ્થમા હોય અને તેની ઔષધી પહેલેથી જ ચાલતી હોય તેને હાલની કોરોના મહામારીથી ખતરો વધારે છે કે કેમ, એવો ખ્યાલ સ્વાભાવિક રીતે જ આવે છે. કારણ કે SARS COV-2 વાયરસ પણ શ્વસનતંત્રને જ નબળું કરે છે અને એટલે જ અસ્થમાના રોગીઓમાં કોરોના વિશે વધુ બીક અને ડર જોવા મળે છે.

તો આ સંબંધે સ્પષ્ટતા કરતા હું કહેવા માગું છું કે આજ સુધી મળેલી માહિતી મુજબ ચોક્કસપણે એવું કહેવું શક્ય નથી કે અસ્થમાના રોગીને કોરોના થવાનો ખતરો સામાન્ય વ્યક્તિ કરતા વધારે છે.

કારણ કે ડૉ. ગાયત્રી પટેલ કે જે નોર્થ વેસ્ટ યુનિવર્સિટીના ફીઝિશિયન છે તેમણે ૧૫૦૦ રોગીઓ ઉપર રેટ્રોસ્પેક્ટિવ સ્ટડી દ્વારા તારણ કાઢ્યું છે કે 'અસ્થમાના રોગીઓ સામાન્ય રોગીઓ કરતા વિશેષ ખતરામાં નથી.' આ શોધ પછી એક તર્ક એવો પણ અપાય છે કે સામાન્ય રીતે ACE2 પ્રકારના રીસેપ્ટર કોરોના વાયરસ માટે શરીરમાં પ્રવેશ થવાનો રસ્તો બને છે. પરંતુ એલર્જી (અસ્થમા) વાળા રોગીઓમાં તે રીસેપ્ટર ઓછા હોય છે અને તેના કારણે જ એલર્જીવાળા રોગીઓમાં કોરોનાના સંક્રમણની શક્યતા પ્રમાણમાં ઓછી થઈ જાય છે.

વળી બીજી બાજુ ડૉ.ગર્ગ અને તેમના સાથીઓ દ્વારા કરવામાં આવેલી શોધ મુજબ અસ્થમા હશે તો કોરોનાને

કારણે હોસ્પિટલમાં દાખલ થવાની શક્યતામાં વધારો થાય છે. જોકે આ સંશોધન ઓછી સંખ્યાના રોગીઓ પર કરવામાં આવ્યું હતું. પણ છતાં જે હોય તે, એક વાત ગાંઠ બાંધવા જેવી ખરી કે અસ્થમા હોય તેમણે તેની દવાઓ યોગ્ય રીતે ચાલુ રાખવી અને કોરોનાથી બચવાના વિશેષ પગલાંઓ લેતા રહેવા. રોગને મૂળમાંથી મટાડવા માટે આયુર્વેદમાં ઔષધો અને પંચકર્મ ચિકિત્સાનો વિશાળ ખજાનો છે જેની ચર્ચા આવતા અંકે કરીશું. અસ્તુ.

આસિસ્ટન્ટ પ્રોફેસર, આઈટીઆરએ, જામનગર
મો.: ૯૬૬૨૫ ૧૨૧૫૮

॥ જાણવા જેવું ॥

## A way forward for fight against COVID

**(2Deoxy D + Glucose)**

The Chemistry of Corona drug developed by DRDO is said to be a big game changer. It is 2-Deoxy-D+Glucose (2-DG) which is likely to be marketed very soon. The hero behind this discovery is said to be the Scientist, Dr. Anil Kumar Mishra who hails from Balia (UP), obtained his M.Sc.(Chemsitry) degree from Gorakhpur University in 1984 and Ph.D degree in 1988 from Banaras Hindu University. His research is mainly based on Molecular Biology and Organic synthesis. After doing the post doctoral research, he has worked as visiting Professor in different foreign countries like France, California (USA) and Max Plank, Germany. He joined DRDO as Sr. Scientist in the year 1997.

2-DG is a mimic of D-Glucose prepared by replacing -OH group at C2 by H-atom. Hence, the name 2-Deoxy-D-Glucose meaning removal of oxygen from 2nd carbon. Being mimic of D- Glucose, it gets easy passage into the cells where Corona virus is already present. Glucose breaks down into two three carbon compounds one of them being pyruvate anion (CH3COCOO-) with release of energy. It is a metabolic process called Glycolysis. It is this energy on which all living organism survive. Corona virus also survives on this energy. Unlike D-Glucose, 2-DG is unfit for glycolysis. No energy is evolved. The sustaining of life becomes difficult and as such Corona virus dies within a week in want of energy. It is said that this drug also lowers the oxygen dependence of patients.This drug is also antitumour/anticancer by the same mechanism.If it is able to destroy killer Corona virus, crores of precious lives will be saved.Thank you DRDO.

The science behind the 2DG drug for Covid-19 developed by DRDO: 10,000 doses of 2DG by DRDO is expected to be released today evening or by tomorrow! Hopefully, Mass-scale production is ramping up will start soon at Hyderabad and likely at other centers! The principle of operation is simple: "Cheat the Cheater"! You know that any virus, once inside the body, makes its own copies by cheating our human cells and takes their protein to multiply itself! The brilliant thought process by Indian scientists was simple! For every doubling of virus cell, it needs energy (glucose!). So, the medicine is simply a "Pseudo" Glucose which the multiplying virus intakes but actually, this glucose makes it neuter (unable to multiply!). Thus 'Cheating the cheater' once the rapid multiplication of virus is halted, our own anti bodies can readily combat it and overpower within hours!

Simply Geneious! Be proud of Indian scientists!


ISSN 0976 – 9609

# Role-Effectiveness of Physical Education for Quality of Life

**P. D. Sharma**

Today man has made tremendous progress in almost every walk of life. Objects once considered impossible to be achieved have now been achieved by us. What we have acheived and accomplished today could not have been imagined in their dreams by our past generations. Modern scientists and researchers have absolutely changed our lifestyle. Science has been incessantly pouring on us new materials and devices to make our physical life more happy and comfortable. Today, we can claim that we are modern and civilized but cannot claim that we are genuinely happy. Longing for material wealth has hardened our heart. Human values are declining. Work to time, competition and commotion have made us suffer from stress and strain. Mental tension or strain produces undesirable consequences. Stress and Strains are the causes of physical as well as psychological diseases such as diabetes, cancer, acidity, ulcer, migraine and hypertension.

Keeping above introduction in view, now we discuss the topic "Role-Effectiveness of Physical Education for Quality of Life" with the help of the following points:

1. Physical Education for Man's total development.
2. Fundamental Human Right.
3. Meaning of Quality of Life.
4. Quality of Life and Physical Education.
5. Concluding Remarks.

## 1. Physical Education for Man's Total Development:

Modern physical education recognizes its responsibility for man's total development, i.e. **physical, mental, emotional and intellectual**. Hence, through it the teacher has an opportunity to nurture **health, happiness, character** and the **democratic spirit** among the children. In other words, physical education when well taught, can contribute more to the goals of general education.

In real sense, life is lived as a whole and physical education must contribute towards all of it. For example, if it is a democratic culture like in out country, then, physical education must contribute to it by teaching respect for personality and freedom of opportunity within its activities. Similarly, modern education included physical education as part of the curriculum and therefore, physical education as an educational experience is expected to make its contribution to human development. It is not expected to be a force only for better metabolism or for greater strength. Nor is it presumed to exist only for fun and relaxation. None of these values alone is sufficient, yet all of them are acceptable in part. Hence, the promotion of Sports and Physical Education is the moral and social responsibility of each nation.

## 2. Fundamental Human Right:

Today, Physical Education is considered as an international discipline and its importance as **Fundamental Human Right** has already been recognised by the **United Nations**, the world body, **The International Charter of Physical Education and Sports**, adopted on 21st November, 1978 by the **United Nations Educational, Scientific and Cultural Organization (UNESCO)** clearly reflects the great importance attached by the international body to physical education and sports as an integral part of general education from pre-school age to old age should be treated as one of the fundamental human rights by the national governments.

## 3. Meaning of Quality of Life:

From layman's point of view quality of life means happy, healthy and moral life. To enjoy happiness health is the basic need. The Hindi proverb **'Pahala Sukh Nirogi Kaya'** reghtly states that the **first and foremost happiness of life is sound health.** Similarly thousands of years ago, the people of ancient Greece believed in the principle **'A Sound mind in a Sound Body'.** The whole system of their education was based on this principle. Even our ancestors firmly believed in **'Sharir Madhayama Khalu Dharma Sadhanam',** it means that **body is the medium to follow one's religion.** Thus the importance of physical health has been in existence in India since very ancient times. Alongwith happy and healthy life, moral life is equally important. We should remember that the ability to make moral judgement based on sound reasoning is a very important aim of education and has to be deliberately cultivated. However, in the present educational set-up more importance is attached to intellectual achievements. Education in the current set-up has neglected human values like Sympathy, Kindness, Punctuality, Truth, Devotion, Honesty, Co-operation, Comparision, etc. The proper implementation of physical education programme will surely help in developing these human values in the students. All this will help to improve the Quality of Life.

## 4. Quality of Life and Physical Education:

Modern Physical Education does not confine its interest to man's organic development nor does it emphasize social or intellectual values to the exclusion of all else. It sees man as an entity and recognizes its responsibility for his total development in the age of sedentary living. Further, physical education serves as a medium for man's total education-emotional, intellectual, developmental and using experiences centered in movement. Thus, the aim of quality of life and that of physical education is the same. In other words to improve the quality of the life there is an urgent need to promote physical education and sports programmes in our educational institutions by the government, semi-government private and voluntary agencies working from the world level to the village level.

## 5. Concluding Remarks:

Finally, it can be concluded that "Physical Education can help to promote a happier and a more peaceful world by instilling a spirit of fairplay in every child, helping in the development of healthy and physically fit individuals, developing an understanding of the worthy use of leisure time, fostering social equality, furthening democratic procedures, promoting the belief in the dignity of man, and developing an appreciation of the simpler things, as against the collection of great possessions and material wealth."

બી-૧, સ્વીસ એવન્યુ, પટેલ કોલોની, માણેકબાગ હોલ સામે,
આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫
(ઘર) ૦૭૯-૨૬૫૬૪૬૫૦, મો.૯૮૯૮૮ ૭૦૮૪૦


ISSN 0976 – 9609

# સીવીએમયુ-આઈસ્ટાર અને એમએસયુના સંયુક્ત ઉપક્રમે પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિષય પર બે દિવસીય ઓનલાઈન કાર્યશાળા યોજાઈ

સીવીએમ યુનિવર્સિટી સંચાલિત આઈસ્ટાર કોલેજ અને મહારાજા સયાજીરાઓ યુનિવર્સિટીના ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ડિપાર્ટમેન્ટના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં તા. ૨૬ અને ૨૭ એપ્રિલના રોજ પબ્લિક એડમિનિસ્ટ્રેશન વિષય પર બે દિવસીય ઓનલાઈન કાર્યશાળા યોજાઈ હતી. આ કાર્યશાળાનું આયોજન યુનિવર્સિટી અનુદાન આયોગ દ્વારા નવી શિક્ષણ નીતિમાં જાહેર વહીવટના મહત્ત્વને ધ્યાનમાં રાખીને ઈન્ટર એન્ડ મલ્ટી-ડિસીપ્લીનરી એપ્રોચથી કરવામાં આવ્યું હતું. આ કાર્યશાળા સીવીએમના અધ્યક્ષ ઈજનેર શ્રી ભીખુભાઇ પટેલ અને એમએસયુના વાઈસ ચાન્સેલર પ્રો. પરિમલ વ્યાસની પેટ્રનશિપ હેઠળ યોજવામાં આવી હતી. જેમાં પ્રો. અમીત ધોળકિયા, ડીપાર્ટમેન્ટ ઓફ પોલિટિકલ સાયન્સ, ફેકલ્ટી ઓફ આર્ટસ, મહારાજા સયાજીરાઓ યુનિવર્સિટી ઓફ બરોડા અને પ્રો. રંજીતા ચક્રબર્તી, ડીપાર્ટમેન્ટ ઓફ પોલિટિકલ સાયન્સ, યુનિવર્સિટી ઓફ નોર્થ બંગાળ, સિલીગુરી, મુખ્ય વક્તાઓ તરીકે હાજર રહ્યા હતા. કાર્યશાળાની શરૂઆતમાં ડૉ. જીગર ઈનામદાર, ફાઉન્ડર ડાયરેક્ટર એન્ડ એડવાઈઝર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ડિપાર્ટમેન્ટ, તરફથી પ્રાસંગીક ઉદ્‌બોધન કરવામાં આવ્યું હતું, જેમાં તેઓએ જાહેર વહીવટ સરકારની નીતિના અમલીકરણ અને વહીવટી તંત્ર દ્વારા કલ્યાણ નીતિઓ અને વિકાસલક્ષી કાર્યક્રમો વિષે માહિતી આપી હતી. ત્યાર બાદ આઈસ્ટાર સંસ્થાના પ્રિન્સિપાલ પ્રો.ડૉ. નિર્મલ કુમારે ભારત જેવા લોકશાહી દેશમાં અને સમાજમાં સામાજિક-આર્થિક ન્યાય માટે જાહેર વહીવટનું મહત્ત્વ, સંગઠનાત્મક વર્તણૂક અને સિદ્ધાંત, નાણાં, માનવ સંસાધનો, કાયદો અને નીતિશાસ્ત્ર જેવા ઘટકોનો સમાવેશ, વિદ્યાર્થીઓને જાહેર વહીવટની પ્રથા અને શિસ્તનો પ્રારંભિક દૃષ્ટિકોણ તેમજ ભારતીય વહીવટના મુખ્ય મુદ્દાઓ વિષે માહિતી આપી હતી. ડૉ. રિના ભાટિયા, ડાયરેક્ટર એન્ડ એડવાઈઝર, ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ડિપાર્ટમેન્ટ, તરફથી સરકારી સાધન તરીકે જાહેર વહીવટનું મહત્ત્વ, સરકારનું સૌથી અગત્યનું કાર્ય શાસન અને વ્યવસ્થા જાળવવા તેમજ નાગરિકોના જીવન અને સંપત્તિની સુરક્ષા, નાગરિકોના કરાર, પાલન અને વિવાદોનું સમાધાન વિગેરે જેવા રસપ્રદ મુદ્દાઓ પર છણાવટ કરવામાં આવી હતી. આ નવીન અને માહિતીપ્રદ કાર્યશાળા દરમ્યાન મુખ્ય વક્તાઓ પ્રો. અમીત ધોળકિયા અને પ્રો. રંજીતા ચક્રબર્તીએ જણાવ્યું હતું કે જાહેર વહીવટકર્તા સરકારના તમામ સ્તરે જાહેર વિભાગો અને એજન્સીઓમાં કાર્યરત જાહેર સેવકો છે. ભારતમાં જાહેર વહીવટ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે. તેઓ માત્ર શાસનના સાધન તરીકે જ નહીં પરંતુ દેશમાં પણ સામાજિક પરિવર્તન અને પ્રગતિ તરફ દોરી જાય છે. કાર્યશાળાને અંતે મુખ્ય વક્તાઓએ ભારતીય વહીવટની બાબતો, ભારતીય પડકારોના પ્રશાસન, ઐતિહાસિક પરિમાણો, રામરાજ શાસન, બ્રિટીશ વહીવટ, પંચાયતી રાજ, વહીવટી રચના, સ્વતંત્ર રાજ્યો, સરકાર સાથે વિકેન્દ્રીકરણ વગેરે જેવા વિષયો પર પ્રકાશ પાડ્યો હતો. સમગ્ર કાર્યશાળાનું સંચાલન ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીડરશીપ એન્ડ ગવર્નન્સ ડિપાર્ટમેન્ટના ફિયોના ડાયસે કર્યું હતું. આ સમગ્ર કાર્યશાળા દરમ્યાન ગુજરાત અને ભારતના વિવિધ રાજ્યોમાંથી આશરે ૧૧૦૦ જેટલા વિદ્યાર્થીઓ, શિક્ષકો અને સરકારી કર્મચારીઓ અને વહીવટકર્તાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ઉપરોક્ત કાર્યશાળાનું સફળ સંચાલન કરવા બદલ સીવીએમના ચેરમેન ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ. એસ. જી. પટેલ, વાઈસ પ્રેસિડન્ટ મનીષભાઈ પટેલ, પ્રેસિડન્ટ શ્રી મેહુલ પટેલ અને સીવીએમ યુનિવર્સિટીના ડાયરેક્ટર જનરલ ડૉ. પી. એમ. ઉદાણીએ સમગ્ર ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

## ।। સૂચના ।।

૧. 'વિ-વિદ્યાનગર' વલ્લભ વિદ્યાનગરના શૈક્ષણિક ટ્રસ્ટ ચારુતર વિદ્યામંડળ તરફથી દર માસે નિયમિત પ્રકાશિત થતું શિક્ષણ, સાહિત્ય અને સંસ્કાર વિષયક સામગ્રી પીરસતું સર્વલક્ષી સુરુચિપૂર્ણ સામયિક છે. માનવજીવનને ઉન્નતિકારક અને યુવાવર્ગને પ્રેરક, શિષ્ટ સરળ શૈલીમાં, મૌલિક, અનુવાદિત ઉપરાંત સંચય સ્વરૂપ (digest)માં પણ સામગ્રી આપવામાં આવે છે.

૨. । વિ । માં મોકલેલું લખાણ મૌલિક હોવું જરૂરી છે. પ્રકાશન અર્થે કૃતિ મોકલતી વખતે સર્જકે એની ઝેરોક્ષ નકલ પોતાની પાસે અવશ્ય રાખવી. તંત્રીને ઝેરોક્ષ નકલ મોકલવી નહિ. મૂળ લખાણ જ મોકલવું. લખાણ કાગળની એક બાજુએ, ફૂલસ્કેપ કાગળ પર હાંસિયો પાડીને જ મોકલવું જરૂરી છે. પોસ્ટકાર્ડ કે ઇન્લેન્ડ પર મોકલેલું લખાણ પ્રકાશન માટે સ્વીકારવામાં આવશે નહિ. કૃતિના સ્વીકાર-અસ્વીકાર અંગેના નિર્ણયનો અધિકાર તંત્રી-સંપાદક મંડળનો રહેશે.

૩. સાધારણ રીતે લાંબા લેખોને અવકાશ ઓછો છે. લખાણ ટૂંકું અને મુદ્દાસર હોય એ જરૂરી છે. લખાણમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કર્યો હોય ત્યાં સાથે કૌંસમાં ગુજરાતી પર્યાય આપવો આવશ્યક છે. લખાણ ગૂજરાત વિદ્યાપીઠના માન્ય જોડણીકોશ અનુસારની જોડણીમાં હોવું જરૂરી છે. લેખમાંના લખાણના અભિપ્રાયની જવાબદારી સંબંધિત સર્જકની જ રહેશે, તંત્રી કે સંપાદક મંડળ એ અંગે જવાબદાર રહેશે નહીં.

૪. । વિ । માં મોકલેલું લખાણ પ્રકાશન અર્થે અન્ય સામયિકને પણ મોકલેલું ન હોવું જોઇએ. એ અંગેની કાળજી તેમજ જવાબદારી સર્જકે રાખવી જરૂરી છે. સામાન્ય રીતે બે-ત્રણ માસમાં કૃતિ પ્રકાશિત ન થાય તો અસ્વીકૃત કૃતિ પરત મોકલવાની પદ્ધતિ નથી. તેથી જવાબી ટપાલખર્ચ ન મોકલવું. **લેખ/કૃતિ અંગે કોઈ પત્ર વ્યવહાર ટેલીફોન કે રૂબરૂ સંપર્ક કરવો નહિં.**

**૫. પ્રત્યેક કૃતિ નીચે સર્જકે બેન્ક એકાઉન્ટ નંબર પ્રમાણે પોતાનું નામ, બેન્ક એકાઉન્ટ નંબર, IFS Code તથા પિનકોડ સાથેનું પૂરેપૂરું સરનામું અવશ્ય લખવું. જેથી સર્જકની પુરસ્કારની રકમ જમા કરાવવામાં સરળતા રહે. અપુરતી વિગતને કારણે પુરસ્કારની રકમ જમા ન થઈ શકે તો જવાબદારી સર્જકની રહેશે. આથી દરેક વિગત ચકાસીને મોકલવી.**

૬. 'વિ-વિદ્યાનગર' દર માસની પાંચમી તારીખે નિયમિતરૂપે પ્રકાશિત થાય છે. સામયિકનો અંક ચોકસાઇથી રવાના કરવામાં આવે છે. ટપાલમાં અંક ગેરવલ્લે જાય તો તે અંગેની જવાબદારી સંસ્થાની નથી. અંક ન મળ્યાની ફરિયાદ અંક પ્રગટ થયા પછી એક માસ સુધીમાં મળશે તો જ તેના પર ધ્યાન આપી શકાશે. અલબત્ત, અંક સિલકમાં હશે તો બીજી નકલ મોકલવામાં આવશે.

૭. લવાજમ વાર્ષિક-આજીવન રૂબરૂમાં-મની ઓર્ડરથી-બેન્ક ડ્રાફટ-ચેકથી મોકલી શકાય. મનીઑર્ડરની કૂપનમાં ગ્રાહકે સ્પષ્ટ અક્ષરે પોતાનું નામ-સરનામું, પિનકોડ સાથે લખવું. બહારગામના બેન્ક ડ્રાફટ-ચેકમાં લવાજમની રકમ ઉપરાંત રૂપિયા પાંત્રીસ ઉમેરવા. ગમે તે માસથી ગ્રાહક થઈ શકાય છે. લવાજમ 'ચારુતર વિદ્યામંડળ'ના નામે મોકલવું.

૮. દિવંગત થયેલા આજીવન ગ્રાહક અંગે તેમનાં સગાં-સંબંધીઓને તે વિશે કાર્યાલયને જાણ કરવા વિનંતી.

૯. વ્યવસ્થા અંગેનો તેમજ તંત્રી સાથેનો સઘળો પત્રવ્યવહાર નીચેના સરનામે કરવોઃ


**ડૉ.ઉર્વીશ છાયા**

**તંત્રીશ્રી, વિ-વિદ્યાનગર, આસિ. પ્રોફેસર, એન.વી. પટેલ સાયન્સ કૉલેજ (NVPAS), વલ્લભ વિદ્યાનગર**

| | | |
|---|---|---|
| **ઇ-મેઇલ** | : | editor.vidyanagar@gmail.com, urvish.chhaya@gmail.com |


**-: લવાજમ :-**

| | | |
|---|---|---|
| **વાર્ષિક** | : | ₹ ૧૫૦, સ્થાનિક વિદ્યાર્થીઓ માટે પ્રોત્સાહક લવાજમ ₹ ૧૦૦ |
| **આજીવન** | : | ₹ ૧૫૦૦ |
| **વિદેશમાં** | : | ૨૫ $ અથવા ૧૫ £ આજીવન ૧૦૦ $ અથવા ૭૦ £ |
| **છૂટક નકલની કિંમત** | : | ₹ ૧૫ + રવાનગી ખર્ચ ₹ ૧૦ |



ISSN 0976 – 9609











ચારુતર વિદ્યામંડળના ભૂતપૂર્વ અધ્યક્ષ સ્વ.ડૉ.સી.એલ. પટેલની પુણ્યતિથિ નિમિત્તે તા.૨૭/૫/૨૦૨૧ને ગુરૂવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ન્યુ વલ્લભ વિદ્યાનગર ખાતે આવેલ મઢુલીમાં તેઓનું તૈલચિત્ર મુકવામાં આવેલ છે તે સ્થળે પુષ્પાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ યોજીને તેઓને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના હોદ્દેદારો, માનદ્ મંત્રીશ્રી ડૉ.એસ.જી. પટેલ, માનદ્ સહમંત્રીશ્રીઓ આર.સી. તલાટી, વિશાલભાઈ પટેલ, એ.ડી.આઈ.ટી. કૉલેજના આચાર્યશ્રી ડૉ.વિશાલ સીંઘ, વિવિધ સંસ્થાના આચાર્યશ્રીઓ, મંડળનો કર્મચારીગણ તથા અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

BOOK POST
June 2021

V-Vidyanagar 23 (6)
Published on 5/6/2021
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2021-23
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month

## જંગલનું મંગલ કરનાર વલ્લભ વિદ્યાનગરની ''વિશ્વકર્મા બેલડી''

# ભાઈકાકા અને ભીખાભાઈ સાહેબ

આમ્રવૃક્ષ નીચે ઝુંપડીમાં પ્રથમ પ્રવેશ




**ભાઈકાકા**
જન્મઃ ૭ જૂન ૧૮૮૮
નિર્વાણઃ ૩૧ માર્ચ ૧૯૭૦

**ભીખાભાઈ સાહેબ**
જન્મઃ ૧૯ જૂન ૧૮૯૧
નિર્વાણઃ ૨૧ એપ્રિલ ૧૯૫૬



વલ્લભ વિદ્યાનગરની
અણમોલ માટીનું પરીક્ષણ





પ્રારંભિક વહીવટી કાર્યોમાં વ્યસ્ત



વલ્લભ વિદ્યાનગરનું ભૂમિદર્શન

Editor : Dr. Urvish Chhaya

If undelivered, return to
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )

Printed at Lajja Communications, Vidyanagar 388 120